CITYNEWSRAJKOT@GMAIL.COM | @CITY NEWS RAJKOT LIVE | @CITY NEWS RAJKOT | +91 81409 88883



Page 16

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions
2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ
Year : 04, Issue : 05, Dt. 05-05-2026 (TUESDAY) Rs. 02/- Page : 26, RNI No. GUJGUJ/2023/84789

# પ્રેમના નામે લોહિયાળ પાપ

## માસૂમ બાળકોની હત્યાએ સૌરાષ્ટ્રને હચમચાવ્યું

### પોરબંદરમાં નિષ્ઠુર માતાની કરતૂતનો ચોંકાવનારો ખુલાસો

## માતૃત્વ કલંકિત; પ્રેમ સંબંધ છુપાવવા માતાએ નવજાતને જીવતો દફનાવ્યો



### મહિલાએ પ્રેમી સાથેના સંબંધથી જન્મેલા બાળકને દાટી દીધું

**સિટી ન્યૂઝ@પોરબંદર**

પોરબંદરમાં એક પરીણિતાની પ્રેમલીલામાં એક નવજાત બાળકનો ભોગ લેવાયો હોવાની આશંકાએ ભારે ઉત્તેજના જગાવી છે. પોતાના અનૈતિક સંબંધો પર પડદો પાડવા માટે કઠોર હૃદયની નિષ્ઠુર માતાએ તાજા જન્મેલા બાળકને ઓડદર ગામના છેવાડે દાટી દીધું હોવાની વિગતો બહાર આવી છે. આ બાબતની મહિલાના પતિને જાણ થતાં જ તેણે માધવપુર પોલીસને જાણ કરી હતી. પોલીસે આ ઘટનામાં મહિલા સહિત ૩ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

પોરબંદરના માધવપુર વિસ્તારની આ પરણીતા છેલ્લા ઘણા સમયથી તેના પતિ સાથે અણબનાવ હોવાથી રિસામણે બેઠી હતી. આ સમય દરમિયાન તેણે પોતાના પ્રેમી સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. જેના કારણે તે ગર્ભવતી બની હતી. ગત સપ્તાહે તેણે પોરબંદરની એક હોસ્પિટલમાં બાળકને જન્મ આપ્યો હતો. જોકે આ પાપ દુનિયા સામે ન આવે તે માટે તેણે બાળકનો નિકાલ કરવાનું કાવતરું ઘડ્યું હતું.

### નરાધમ પિતાની ક્રૂરતા હળવદમાં હૃદય દ્રાવક ઘટના

## ચોથા લગ્નની લાલચમાં લોહીનું ગંદુ પાપ પિતાએ એક વર્ષના બાળકને મોતને ઘાટ ઉતાર્યો



### 4 લગ્ન કર્યા, ત્રીજી પત્નીનું સંતાન ચોથી પત્નીએ રાખવાની ના પાડતા ઝાડીઓમાં ફેંકી દીધો : ભૂખ–ગરમીમાં રિબાઈને બાળકનું મોત

**સિટી ન્યૂઝ@રાજકોટ**


હળવદ તાલુકાના સુસવાવ ગામ પાસે બનેલી એક અત્યંત કરુણ ઘટનામાં પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. નદીના કાંઠે બાવળની ઝાડીઓમાંથી મળી આવેલી એક વર્ષના બાળકની કોહવાયેલી લાશ પાછળ બીજું કોઈ નહીં, પણ તેનો સગો પિતા જ જવાબદાર હોવાનું બહાર આવ્યું છે. પોલીસે નરાધમ પિતા સામે ગુનો નોંધી તેને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે. ગત તા. ૨ મેના રોજ હળવદના સુસવાવ ગામ પાસે સ્મશાનની નજીક આવેલી નદીના કાંઠે બાવળની ઝાડીઓમાંથી એક વર્ષના માસૂમ બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીને કારણે મૃતદેહ કોહવાઈ ગયેલી હાલતમાં હતો. આ અંગેની જાણ થતા જ હળવદ તાલુકા પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને બાળકના મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ (PM) માટે મોકલી આપી તપાસ શરૂ કરી હતી.

## નિયમ ભંગ કરતી શાળાઓ સામે કોંગ્રેસની તપાસની માંગ

# સ્કૂલ 'માફિયા' નહીં સુધરે વેકેશનમાં પણ ધંધાનો 'ખેલ' !

## ચૂંટણી ફંડના કારણે સરકારના નિયમોની ઐસી કી તૈસી કરતા સ્કૂલ માફિયા




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેર તેમજ જિલ્લામાં અનેક ખાનગી શાળાઓ દ્વારા રાજ્ય સરકારના જાહેર કરાયેલા વેકેશનનો ખુલ્લેઆમ ભંગ કરીને "વેકેશન બેચ"ના નામે શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચાલુ રાખવામાં આવી રહી હોવાના ગંભીર આક્ષેપો વચ્ચે કોંગ્રેસના વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણ અધિકારીને વિગતવાર લેખિત રજૂઆત કરી તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગણી કરી છે.

રજુઆતમાં જણાવાયું છે કે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા વેકેશનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક દબાણમાંથી મુક્તિ આપવાનો અને તેમને માનસિક તથા શારીરિક આરામ આપવાનો છે. ખાસ કરીને ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ વર્ષભર બોર્ડ પરીક્ષાની તૈયારીમાં ભારે તણાવ હેઠળ રહેતા હોય છે. આવી સ્થિતિમાં વેકેશન તેમની માટે નવી ઉર્જા મેળવવાનો મહત્વપૂર્ણ સમય હોય છે.

આ સાથે જ રોહિતસિંહ રાજપૂતે ધ્યાન દોર્યું કે વિદ્યાર્થીઓ આખા વર્ષ દરમિયાન અભ્યાસના કારણે પોતાના પરિવાર સાથે પૂરતો સમય વિતાવી શકતા નથી. પરિવાર સાથે સમય પસાર કરવો, બહાર ફરવા જવું અને લાગણીસભર વાતાવરણમાં રહેવું આ બધું વિદ્યાર્થીના માનસિક વિકાસ અને તણાવમુક્તિ માટે અત્યંત જરૂરી છે. વેકેશન એ વિદ્યાર્થીઓ માટે પારિવારિક જોડાણ મજબૂત કરવાનો અને માનસિક રીતે તાજગી મેળવવાનો અનમોલ સમય છે.

તેમ છતાં, કેટલાક ફી લાલચુ ખાનગી શાળા સંચાલકો "વેકેશન બેચ"ના નામે નિયમોને અવગણીને શાળાઓ ચાલુ રાખી રહ્યા છે અને વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓ પર વધારાનો અભ્યાસનો બોજો મૂકી રહ્યા છે. આ સાથે જ વાલીઓ પાસેથી વધારાની ફી ઉઘરાવવામાં આવી રહી છે, જે શિક્ષણના વ્યાપારીકરણનું સ્પષ્ટ ઉદાહરણ છે.

રજૂઆતમાં વધુમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે છેલ્લા કેટલાક સમયમાં વિદ્યાર્થીઓમાં વધતા માનસિક તણાવને કારણે દુખદ ઘટનાઓમાં વધારો નોંધાયો છે. આવી પરિસ્થિતિમાં શિક્ષણ તંત્ર અને શાળા સંચાલકોની જવાબદારી બને છે કે તેઓ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપે, પરંતુ હાલની સ્થિતિ તેના વિપરીત દર્શાવે છે.

રજૂઆતના અંતમા રાજપૂતે ચેતવણી આપી છે કે જો આ ગેરકાયદેસર પ્રવૃત્તિ તાત્કાલિક બંધ નહીં થાય, તો કોંગ્રેસના વિદ્યાર્થી કાર્યકરો દ્વારા આ મુદ્દે જે તે નિયમોનો ઉલાળિયો કરતી શાળાઓ પર હલ્લાબોલ કરીશું તેવી ચિમકી ઉચ્ચારી હતી.

### રજૂઆતમા જિલ્લા શિક્ષણાધિકારીને માંગ કરી છે કે

- વેકેશન દરમિયાન શાળાઓ ચાલુ રાખતી સંસ્થાઓની સરપ્રાઈઝ ચેકિંગ કરીને તપાસ કરવામાં આવે
- નિયમ ભંગ કરનાર શાળાઓ સામે કડક દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવે
- "વેકેશન બેચ"ના નામે થતી ફી ઉઘરાણી પર નિયંત્રણ લાવવામાં આવે
- વિદ્યાર્થીઓ અને વાલીઓને અનાવશ્યક દબાણથી બચાવવા સ્પષ્ટ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવે



## શિક્ષણ નહીં, ધંધો ચાલે : રોહિત રાજપૂત




## રિક્ષા ચાલકોને અપાતા ભાડામાં રેપિડોએ ઘટાડો કરતા વિરોધ

# રાજકોટમાં 'રેપિડો' બંધની ચિમકી!

- પ્રતિ કિ.મી. 15 થી ઘટાડીને 12 રૂપિયા કરી દેવાયા
- ત્રિકોણ બાગ ચોકમાં 'ભાડા' કાપ કરતા રિક્ષાચાલકોએ 'તાપ' દેખાડ્યો
- રેપિડો કંપનીએ પાર્સલના ભાવમાં પણ ઘટાડો કર્યો

## સરકારી ભાવ 18 રૂપિયા લાગુ કરવામાં નહીં આવે તો રેલી કાઢવામાં આવશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં રેપિડોમાં ઓટો ચલાવતા રિક્ષાચાલકોને કંપની તરફથી અપાતા પ્રતિ કિમીના ભાડામાં ૩ રૂપિયાનો ઘટાડો કરી દેવાતા રિક્ષાચાલકોમાં રોષ ફેલાયો છે. રાજકોટમાં ૩૦૦ જેટલા રિક્ષાચાલકોએ આજે રેલી યોજી પ્રતિ કિમી ૧૫ રૂપિયા ચૂકવવા માગણી કરી છે. જો કંપની દ્વારા માગણી સ્વીકારવામાં નહીં આવે તો રાજકોટમાં રેપિડોનું કામ બંધ કરી દેવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.


રાજકોટમાં રેપિડોમાં ચાલતી ઓટોના ચાલકોને કંપની તરફથી પ્રતિ કિમી રૂપિયા ૧૫ની ચૂકવણી કરવામાં આવતી હતી. પરંતુ, કોઈ કારણોસર કંપની દ્વારા પ્રતિ કિ.મી.ના ભાડામાં રૂપિયા ૩નો ઘટાડો કરી રૂ. ૧૨ ચૂકવવાની શરૂઆત કરતા રિક્ષાચાલકોમાં નારાજગી ફેલાઈ છે. આજે ૩૦૦ જેટલા રિક્ષાચાલકોએ રાજકોટમાં રેલી યોજી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

રીક્ષાચાલક કેતન વોરાએ જણાવ્યું હતું કે, અત્યારે અમે શાસ્ત્રી મેદાનમાં બધા ડ્રાઈવરો ભેગા થયા છીએ. અમારી એક જ માંગણી છે કે ભાવ વધારો. પ્રતિ કિલોમીટર ૩ કાપવામાં આવે છે જે ૧૫ કરવામાં આવે તેવી માગણી છે. નહિતર અમે રાજકોટમાં રેપિડોનું કામકાજ સંપૂર્ણપણે બંધ કરી દઈશું. અત્યારે અમને રીક્ષા ચાલકોને પ્રતિ કિલોમીટર ૧૨ આપવામાં આવે છે જે પહેલા ૧૫.૬૦ હતો. જે ભાવ ફરી કરી આપવામાં આવે તેવી માંગણી છે. ગુજરાતના રીક્ષા એસોસિયેશનનો નિર્ણય છે કે પ્રતિ કિલોમીટર ૧૮ આપવામાં આવે. જે સરકારી ભાવ છે. જોકે અમે સરકારી ભાવની તો માંગણી કરતા નથી. અમારો જે ભાવ હતો તે પણ ઘટાડી નાખવામાં આવ્યો છે. જેના કારણે અમે અહીં બધા ભેગા થયા છીએ અને શાસ્ત્રી મેદાનથી રેલી કાઢવાના છીએ. જો રેપોડો તરફથી યોગ્ય નિર્ણય લાવવામાં નહીં આવે તો અમે તેનું કામકાજ બંધ કરી દઈશું.

રેપિડો દ્વારા ભાવ ઘટાડો કરવામાં આવ્યો છે. જેને કારણે પ્રતિ કિલોમીટર અગાઉ જે ૧૫ મળતા હતા તે ઘટાડીને ૧૨ કરી નાખવામાં આવ્યા છે.





## ડિજિટલ અંધકારમાં ફસાઈ રહ્યું ભવિષ્ય

# સોશિયલ મીડિયા અને પોર્ન કોન્ટેન્ટનો વિનાશક પ્રભાવ : કિશોરોમાં વધતી ગૂનાહિત માનસિકતા

## મોબાઈલના કારણે સગીરો શારીરિક રીતે વહેલા મોટા, પણ માનસિક રીતે પાછળ

## » માતા-પિતાની ગેરહાજરીમાં 80% સગીરો મેડિકલ કે જાતીય વિષયોની અધુરી માહિતી મેળવી જીવલેણ અખતરા કરે છે

સિટી ન્યૂઝ@રાજકોટ

ફેસબુક,ઈન્સ્ટાગ્રામ, યુ-ટ્યુબ, ઓટીટી પ્લેટફોર્મ જેવા સોશિયલ મીડિયાના માધ્યમો પર પોર્નોગ્રાફી- રેપ સોંગના,હત્યા- દારૂ સેવન જેવા દ્રશ્યોના કારણે સગીરો ગુનેગાર બની રહ્યા છે,આ સગીરોમાં વધતા ગુનાઓ પાછળ જવાબદાર પરિબળોનું સૌરષ્ટ્ર યુનીવર્સીટીના મનોવિજ્ઞાન ભવન દ્વારા મનોવૈજ્ઞાનિક પોસ્ટમોર્ટમ રીપોર્ટ તૈયાર કરી સંશોધન હાથ ધર્યું છે. આ સશોધનમાં સૌરષ્ટ્રમાં બનેલા ૧૦ ચકચારી કેસોનો ઊંડો અભ્યાસ કરાયો હતો.જેમાં ૮૦% કિસ્સાઓમાં જોવા મળ્યું છે કે જ્યારે માતા-પિતા બંને વ્યવસાયાર્થે બહાર હોય ત્યારે એકલતામાં કિશોરો ગેરમાર્ગે દોરાય છે.આ ગંભીર કિસ્સાઓ પર પોતાનું મંતવ્ય રજૂ કરતા પ્રો. ડૉ. યોગેશ એ. જોગસણ (સીનિયર પ્રોફેસર, મનોવિજ્ઞાન ભવન)* જણાવે છે કે: "શાપર-વેરાવળ અને પોરબંદર જેવા કિસ્સાઓ એ વાતનો પુરાવો છે કે આજના બાળકોમાં 'અર્લી પ્યુબર્ટી' (વહેલી શારીરિક પરિપક્વતા) ઝડપથી આવી રહી છે, પરંતુ તેનું 'કોગ્નિટિવ મેચ્યોરિટી' (બૌદ્ધિક પરિપક્વતા) સાથે કોઈ સંતુલન નથી. ૧૨-૧૩ વર્ષના બાળકોમાં શારીરિક હોર્મોન્સ સક્રિય થઈ જાય છે, પરંતુ મગજનો જે ભાગ (Pre-frontal Cortex) સારા-નરસાનો વિવેક કરે છે, તે હજુ અપરિપક્વ હોય છે. પરિણામે, ક્ષણિક આવેગમાં આવીને તેઓ આવા જઘન્ય ગુનાઓ આચરે છે. મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ આ કિસ્સાઓમાં માત્ર સજા પૂરતી નથી, પણ વ્યાપક મનોવૈજ્ઞાનિક પરામર્શ અને નૈતિક મૂલ્યોનું સિંચન અનિવાર્ય છે."

બદલાતી જીવનશૈલી અને આહારને કારણે 'અર્લી પ્યુબર્ટી' (વહેલી શારીરિક પુખ્તતા) આવી રહી છે. શારીરિક રીતે બાળક પ્રજનનક્ષમ બને છે, પરંતુ તેનું મગજ (ખાસ કરીને પ્રી-ફ્રન્ટલ કોર્ટેક્સ) પરિણામોનો વિચાર કરવા જેટલું પરિપક્વ હોતું નથી.

નૈતિક પતન અને ડિજિટલ પ્રભાવ: ઈન્ટરનેટ પર પોર્નોગ્રાફીની સરળ ઉપલબ્ધતા અને રેપ મ્યુઝિક જેવા નકારાત્મક સાંસ્કૃતિક પ્રભાવો કિશોરોમાં 'વિકૃત કુતૂહલ' અને 'હાયપર-સેક્સ્યુઆલિટી' પેદા કરે છે.

યુટ્યુબ જેવા પ્લેટફોર્મ પરથી મેડિકલ કે જાતીય વિષયોની અપરિપક્વ માહિતી મેળવી તેને અમલમાં મૂકવી એ જીવલેણ સાબિત થઈ રહ્યું છે.

### 10 ચકચારી અને હૃદયદ્રાવક કિસ્સાઓનો ઊંડો અભ્યસા

- શાપર-વેરાવળ (રાજકોટ ગ્રામ્ય): ૧૩ વર્ષની કિશોરીએ ૧૫ વર્ષના કિશોર સાથેના સંબંધોથી બાળકને જન્મ આપ્યો.
- પોરબંદર: ૧૨ વર્ષના કિશોર દ્વારા ૪ વર્ષની બાળકી પર અત્યાચાર.
- અમદાવાદ (ચાંદખેડા): સોશિયલ મીડિયાના મિત્ર દ્વારા ૧૪ વર્ષની કિશોરી ગર્ભવતી બની.
- સુરત (પાંડેસરા): ૧૫ વર્ષની કિશોરીએ જાતે ગર્ભપાતની દવા લેતા સર્જાયેલી ગંભીર સ્થિતિ.
- વડોદરા: ૧૩ વર્ષના છોકરા દ્વારા પડોશની બાળકી સાથે અશોભનીય વર્તન.
- દિલ્હી (બવાના): ૧૫ વર્ષના કિશોર દ્વારા પિતરાઈ બહેન પર હુમલો.
- મહારાષ્ટ્ર (પુણે): યુટ્યુબ જોઈ ૧૪ વર્ષની કિશોરીએ જાતે ડિલિવરી કરવાનો પ્રયાસ કર્યો.
- રાજકોટ (શહેર): ૧૬ વર્ષના તરૂણ દ્વારા સગીરા પર દુષ્કર્મ.
- જામનગર: મોબાઈલ ગેમના મિત્ર સાથે ૧૫ વર્ષની સગીરાનું પલાયન અને શોષણ.
- ભાવનગર: ૧૪ વર્ષની શાળાએ જતી કિશોરીની અપરિપક્વ ગર્ભાવસ્થા.

## કિશોરો ડિજિટલ દુનિયાના ખોટા આદર્શોને અનુસરતા હોવાથી બરબાદી તરફ

કિશોરોમાં ગુનાહિત માનસિકતા પાછળ આવેગશીલતા જવાબદાર છે. મગજમાં 'ડોપામાઈન' નો અતિરેક ત્વરિત આનંદ શોધે છે, જે તેમને ગુના તરફ ધકેલે છે. સોશિયલ મીડિયા પર સેંકડો મિત્રો હોવા છતાં, વાસ્તવિક જીવનમાં સંવાદના અભાવે કિશોરો ડિજિટલ દુનિયાના ખોટા આદર્શોને અનુસરે છે. આ ઘટાડવા માટે શાળાઓમાં માત્ર પુસ્તકીય જ્ઞાન નહીં, પણ 'લાઈફ સ્કીલ એજ્યુકેશન' ફરજિયાત બનાવવું જોઈએ.આ ઉપરાંત કિશોરાવસ્થાના શારીરિક ફેરફારો અને તેના કાયદાકીય (POCSO Act) પરિણામો વિશે વૈજ્ઞાનિક ઢબે સમજ આપવી તથા બાળકો સાથે 'ક્વોલિટી ટાઈમ' વિતાવવો અને મુક્ત સંવાદ સ્થાપિત કરવો. બાળકોના ડિજિટલ ગેજેટ્સ અને સોશિયલ મીડિયા એક્ટિવિટી પર કડક પણ પ્રેમાળ દેખરેખ રાખવી જરૂરી છે



### ભાજપ મુખ્યાલયે દેખાયો નવો અંદાજ

# બંગાળ વિજયનો રંગ મોદીનો નવો બંગાળી અવતાર

### મોદીએ કહ્યું આજે બંગાળ ભયમૂક્ત થયું

## મોદી એ કહ્યું ડો.મુખર્જીના આત્માને શાંતિ મળી હશે

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

પશ્ચિમ બંગાળ, આસામ અને પુડુચેરીમાં ભાજપની ઐતિહાસિક જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં પાર્ટી મુખ્યાલયની મુલાકાત લીધી અને પક્ષના કાર્યકરોને સંબોધિત કર્યા.જોકે આ જીતમાં બંગાળ સૌથી વધુ ચર્ચામાં રહેતું રાજ્ય હતું અને આ જ કારણ છે કે PM મોદીની શૈલી પણ અલગ દેખાઈ. ભાજપ મુખ્યાલયમાં PM મોદીનો પ્રવેશ માત્ર રાજકીય નહોતો પણ એક સાંસ્કૃતિક સંદેશ પણ લઈને આવ્યો હતો.ભાજપ મુખ્યાલય પહોંચતાની સાથે જ PM મોદીનો લુક બધાનું ધ્યાન ખેંચી ગયો. તેમણે ઓફ-વ્હાઈટ બેજ અને લાલ બોર્ડરવાળો પરંપરાગત ધોતી-કુર્તો અને ગમછા પહેરીને એક મજબૂત દ્રશ્ય સંદેશ આપ્યો. આ પોશાક બંગાળની સાંસ્કૃતિક ઓળખ સાથે ઊંડો જોડાયેલો છે અને ખાસ કરીને દુર્ગા પૂજા જેવા પ્રસંગોએ પહેરવામાં આવે છે.PM મોદીએ સફેદ કુર્તો પહેર્યો હતો,



જેને બંગાળીમાં "પંજાબી" કહેવામાં આવે છે, અને લાલ બોર્ડરવાળો તસર સિલ્ક ધોતી, જેને બંગાળીમાં "ધ્યુતિ" કહેવામાં આવે છે, તેની સાથે જોડી બનાવી હતી. આ પરંપરાગત પોશાક દ્વારા તેમણે બંગાળની સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યે પોતાનો આદર વ્યક્ત કર્યો હતો.તેમના પોશાકની એક નોંધપાત્ર વિશેષતા એ હતી કે તેઓ તેમના ધોતીનો છેડો તેમના કુર્તાના ખિસ્સામાં નાખતા હતા, જે બંગાળી પુરુષોની પરંપરાગત રીત હતી. પરંપરાગત "બૂટી" ડિઝાઇનથી શણગારેલો સુતરાઉ સ્કાર્ફ તેમના દેખાવમાં ઉમેરો કરતો હતો.

## બંગાળની પહેલી કેબીનેટમાં આયુષ્માન યોજનાને લીલીઝંડી

એક એવી સવાર જેની રાહ પેઢીઓએ જોઈ છે. ભાજપે જેટલી બેઠકો જીતી તે ચૂંટણીનો આંકડો નથી. આ તેના અડગ વિશ્વાસની ગર્જના છે, જેણે ડર, તુષ્ટિકરણ અને હિંસાની રાજનીતિને જડમૂળથી ઉખાડી ફેંકી.આજથી બંગાળના ભવિષ્યની એવી યાત્રા શરૂ થઈ રહી છે, જ્યાં વિકાસ, અતૂટ વિશ્વાસ અને નવી આશાઓ કદમથી કદમ મિલાવીને ચાલશે. આજે હું દરેક બંગાળવાસીને ભરોસો આપું છું કે બંગાળના સારા ભવિષ્ય માટે ભાજપ દિવસ-રાત એક કરી દેશે. બંગાળમાં મહિલાઓને સુરક્ષાનું વાતાવરણ મળશે, યુવાનોને રોજગાર મળશે, પલાયન અટકશે, પહેલી કેબિનેટમાં જ આયુષ્માન યોજનાને લીલી ઝંડી આપશે. ઘૂસણખોરો સામે કડકમાં કડક કાર્યવાહી થશે.

**ક્રિકેટ સટ્ટા સામ્રાજ્ય ધ્વસ્તઃ** સૌરભ સહિત ટોચના ઓપરેટરોની દૂબઈમાં ધરપકડ

# દુબઈમાં મહાદેવ એપનો માસ્ટરમાઈન્ડ સૌરભ ચંદ્રાકરની ધરપકડ



## 6000 કરોડના સટ્ટા કૌભાંડમાં મોટી કાર્યવાહી દુબઈથી છત્તીસગઢ અને ગુજરાત સુધી ફેલાયેલુ કૌભાંડ


**સિટી ન્યૂઝ@અમદાવાદ**

હિન્દુસ્તાનના મોસ્ટ વોન્ટેડ સટ્ટા એપ મહાદેવના ઓપરેટર સૌરવ ચંદ્રાકરની દુબઈ પોલીસે ગઈકાલે મોડી રાત્રે તેના દુબઈ હિલ્સ વિલામાંથી ધરપકડ કરી લીધી છે. સટ્ટા માફિયા સૌરભ ચંદ્રાકરની સાથે જ તેના પાર્ટનર રવિ ઉપ્પલ, સૌરભની પત્ની અને ત્યાં હાજર ભારતનો ઓફલાઇન સૌથી મોટો સટ્ટા બુકી ફ્રીડમ અમૃતસરી ઉર્ફે ફ્રીડમ કાકા ઉર્ફે મિંકુની પણ ધરપકડ કરી લેવામાં આવી છે. ફ્રીડમ ૪૪૭ ૪૪૬૯૫ ૩૯૭૧ પર સટ્ટાનો કારોબાર કરે છે. તેની સટ્ટા બુકનું નામ વિક્ટ્રી એક્સચેન્જ છે. આ ધરપકડ દુબઈના સૌથી કડક કાયદા AML (એન્ટી મની લોન્ડરિંગ એક્ટ) હેઠળ કરવામાં આવી છે, જેમાં ઓછામાં ઓછી ૧૦ વર્ષની સજાની જોગવાઈ છે. સૌરભ ચંદ્રાકરના ઘરેથી દુબઈ કરન્સી આશરે ૯૦ મિલિયન દિરહામ (ભારતીય ચલણમાં આશરે ૨૫૦ કરોડ રૂપિયા) મળી છે. તેના ઘરેથી ૨૦૦૦ કિલો સોનું જપ્ત કરવામાં આવ્યું છે. સાથે જ ૧૫૦ કર્મચારીઓની પણ અટકાયત કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ આખા ઓપરેશનમાં દુબઈ પોલીસની આશરે ૧૫૦ ગાડીઓનો કાફલો હતો. જોકે, આ મામલે સત્તાવાર પુષ્ટિ થઈ નથી, પરંતુ આ સમાચાર વિશ્વસનીય સૂત્રો દ્વારા પ્રાપ્ત થયા છે.નોંધનીય છે કે, સૌરવ ચંદ્રાકર રાયપુરનો રહેવાસી છે.

સટ્ટા મહાદેવ એપ કેસમાં છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અને વરિષ્ઠ કોંગ્રેસી નેતા ભૂપેશ બઘેલ તથા તેમનો પુત્ર પણ આરોપી છે. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) એ મહાદેવ બેટિંગ એપ કેસમાં છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલને આરોપી બનાવ્યા છે. CBI એ આ કેસમાં FIR નોંધી છે, જેમાં ભૂપેશ બઘેલને ૬ઠ્ઠા આરોપી બનાવવામાં આવ્યા છે. FIR માં મહાદેવ એપના પ્રમોટર સૌરભ ચંદ્રાકર અને રવિ ઉપ્પલ સહિત કુલ ૨૧ આરોપીઓના નામ સામેલ છે.

## કોણ છે સૌરભ ચંદ્રાકર?

સૌરભ ચંદ્રાકર છત્તીસગઢ રાજ્યના ભિલાઈનો રહેવાસી છે અને તેના પિતા નગર નિગમમાં પંપ ઓપરેટરના પદ પર હતા. સૌરભની એક જ્યુસની દુકાન હતી. રોડ સાઈડ પર દુકાન હોવાના કારણે આવક વધારે નહોતી અને તે વધારે પૈસા કમાવા માંગતો હતો. વર્ષ ૨૦૧૯માં તે દુબઈ ગયો અને તેના મિત્ર રવિ ઉત્પલને પણ બોલાવી લીધો. આ પછી તેણે મહાદેવ એપ લૉન્ચ કરી અને ધીમે-ધીમે ઓનલાઈન સટ્ટા બજારનું મોટું નામ બની ગયો. આ મામલે ઈડીને (ED) જાણવા મળ્યું કે, મહાદેવ એપ વિવિધ લાઈવ ગેમ્સમાં ગેરકાયદેસર સટ્ટાબાજી માટે ઓનલાઈન પ્લેટફોર્મ પૂરું પાડે છે. આટલું જ નહીં, તે ભારતમાં યોજાતી વિવિધ ચૂંટણીઓ પર દાવ લગાવવાની પણ સુવિધા આપે છે. જણાવી દઈએ કે ગેરકાયદેસર સટ્ટાના નેટવર્ક દ્વારા આ એપની જાળ ખૂબ જ ઝડપથી ફેલાઈ. છત્તીસગઢમાં આ એપનો સૌથી વધુ ઉપયોગ થવા લાગ્યો. આ એપથી છેતરપિંડી માટે એક પૂરો પ્લાન (ડ્રાફ્ટ) બનાવવામાં આવ્યો હતો.



# પનીર કે ઝેર? બે હોટલના પનીરના નમૂના ફેઈલ થયા

## ઈન્દિરા સર્કલ પાસે અંજલી ચાઈનીઝ& પંજાબી અને રામાપીર ચોકડી પાસે પ્રેમવાટિકા રેસ્ટોરન્ટના નમુના ફેઈલ નિકળ્યા








**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં છેલ્લા ઘણા સમયથી નામી હોટલોમાં નકલી પનીર ગ્રાહકોને પીરસીને તેના આરોગ્ય સાથે છેડા થઇ રહ્યા છે.ત્યારે તાજેતરમાં રાજકોટ મનપા ના ફૂડ વિભાગ દ્વારા ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઈન્દિરા સર્કલ પાસે મિત કોમ્પ્લેક્ષ સ્થિત "અંજલી ચાઈનીઝ & પંજાબીમાંથી અને રામાપીર ચોક પાસે ઓમ પેટ્રોલ પંપની સામેથી "પ્રેમવાટિકા રેસ્ટોરન્ટ"માંથી પનીર લુઝના બે નમુના લેવામાં આવ્યા હતા. આ બન્ને નમુનાની તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટ તથા "રાઈકર્ટ મૈસલ આંક" ધારાધોરણ કરતાં ઓછી તેમજ ચરબીનું પ્રમાણ B.R.READING AT ૪૦૦ C ની માત્રા ધારાધોરણ કરતાં વધુ આવેલ હોવાથી નમૂનો "સબસ્ટાન્ડર્ડ" (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગ દ્વારા "મધુવન ડેરીફાર્મ", ઓજસ ઓરા -G.F. શોપ નં ૧૯, મટુકી ૮૦ ફૂટ રોડ પાસે, વાવડી મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ "ફૂલ ક્રીમ મિલ્ક (લુઝ)" નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્કની માત્રા ધારાધોરણ કરતાં ઓછી આવેલ હોવાથી નમૂનો "સબસ્ટાન્ડર્ડ" (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

## 80 ફૂટ રોડ પર ઓજસ ઓરામાં આવેલી મધુવન ડેરી ફાર્મનો દુધનો નમુનો ફેઈલઃ પોષ વિસ્તારમાં પણ ગ્રાહકોના આરોગ્ય સાથે ખિલવાડ

## ફૂડ વિભાગ દ્વારા 11 નમુના લેવામાં આવ્યા

- મોટામવા શ્યામ પાર્ક ૨ જય ખોડીયાર સ્વીટ માર્ટમાંથી લુઝ પનીર
- એસ્ટ્રોન ચોક પાસે રાજમંદિર ફાસ્ટ ફૂડ ઝોનમાંથી જૈન ડેરી મલાઈ પનીર, વિમલ પ્રોસેસ્ડ ચીઝ
- વિરાણી સ્કુલ પાસે જ્યુબીલીયન્ટ ફૂડ વર્કસમાંથી પનીર (FROZEN CUBES), ગો ચીઝ સ્પ્રેડ
- વિરાણી સ્કુલ પાસે ફ્રેંડ્ઝ & ફૂડ્સ (લા'પીનોઝ પીઝા)માંથી ચીઝના બે નમુના
- સૌરાષ્ટ્ર યુનિ.થી ક્રાઈસ્ટ કોલેજ રોડ પર ગાત્રાળ જનરલ સ્ટોરમાંથી શીતલ શ્રીખંડના બે નમુના
- પીડીએમ કોલેજ પાસે મહાવીર મસાલા માર્કેટમાંથી હળદર આખી (લૂઝ), લુઝ જીરુંના નમુના લેવાયા

### ખાખી વર્દી પાછળ ધબકતું દિલઃ સુરેન્દ્રનગર એસ.પી.નું દિલ સ્પર્શી પગલું

# હોદ્દાની ઉંચાઈ નહીં, દિલની ઊંડાઈ બતાવી એસ.પી. પ્રેમસુખ ડેલુએ !



## તુરંત ન્યાય અપાવતા વિકલાંગ દંપતિ S.Pનું સન્માન કરવા પહોંચતા પ્રેમસુખ જમીન પર બેસી સન્માન સ્વીકાર્યું

## ખાખીમાં માનવતા જીવંત



**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**

કહેવાય છે કે સત્તા અને હોદ્દો માણસને અભિમાની બનાવે છે, પરંતુ સુરેન્દ્રનગરના એસ.પી. પ્રેમસુખ ડેલુંએ આ વાતને ખોટી સાબિત કરી છે. પોતાની ઓફિસના દાદર ઉતરીને એક મજબૂર અને વિકલાંગ દંપતિની વેદના સાંભળવા જવું અને પછી તેમની સામે જમીન પર બેસીને સન્માન સ્વીકારવું એ ઘટનાએ સમગ્ર ગુજરાતનું દિલ જીતી લીધું છે. જમીન વિવાદમાં ફસાયેલા દંપતિને પોલીસની મધ્યસ્થતાથી ત્વરિત ન્યાય મળતા ન્યાયતંત્ર પરનો ભરોસો વધુ મજબૂત થયો છે.

સામાન્ય રીતે પોલીસના કડક વલણથી લોકો પરિચિત હોય છે, પરંતુ સુરેન્દ્રનગર જિલ્લા પોલીસ વડા (SP) પ્રેમસુખ ડેલુંએ સાબિત કરી દીધું છે કે ખાખી વર્દીની અંદર એક સંવેદનશીલ હૃદય પણ ધબકે છે. પોતાની જમીનના દસ્તાવેજો મેળવવા માટે લાંબા સમયથી સંઘર્ષ કરી રહેલા એક વિકલાંગ દંપતિની વ્હારે આવી એસ.પી. સાહેબે ત્વરિત ન્યાય અપાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

એક વિકલાંગ દંપતિ પોતાની ગંભીર સમસ્યા અને જમીનના મૂળ દસ્તાવેજો પરત મેળવવા માટે એસ.પી. કચેરીએ પહોંચ્યું હતું. દંપતિની લાચારી જોઈ એસ.પી. પ્રેમસુખ ડેલુંએ પોતાના હોદ્દાનું પ્રોટોકોલ બાજુ પર મૂકી, પોતે ઓફિસના દાદર ઉતરીને નીચે તેમને મળવા ગયા હતા. દંપતિની વ્યથા સાંભળી તેમણે તાત્કાલિક બી-ડિવિઝન પોલીસને કડક સૂચના આપી હતી. પોલીસની સક્રિયતાને કારણે જૂનો અન્યાયી કરાર રદ થયો અને દંપતિને તેમના હક્કના દસ્તાવેજો પરત મળ્યા.

ન્યાય મળ્યા બાદ દંપતિની આંખમાં ખુશીના આંસુ હતા. તેમણે આભાર વ્યક્ત કરવા માટે એસ.પી. સાહેબને શાલ ઓઢાડવાની ઈચ્છા વ્યક્ત કરી. આ સમયે એસ.પી. પ્રેમસુખ ડેલુંએ નમ્રતાની પરાકાષ્ઠા વટાવતા, દંપતિના માન ખાતર પોતે જમીન પર બેસી ગયા હતા અને સન્માન સ્વીકાર્યું હતું. આ દ્રશ્યો જોઈ ત્યાં હાજર સૌ કોઈની આંખો ભીની થઈ ગઈ હતી.



## પંકજ ઉધાસના પ્રખ્યાત ગીત ચુપકે ચુપકે સખિયો સે વો રાજલક્ષ્મી સ્ટાર બની હતી

# ગ્લેમર પાછળનો અંધકાર

## રાતોરાત સ્ટાર બનેલી હસીના હવે રહસ્યમય ગાયબ?






બે લગ્ન કર્યા તે પણ તૂટી ગયા

# કોણ છે રાજલક્ષ્મી ખાનવિલકર

ચૂપકે-ચૂપકે ગીતથી છવાઈ હતી ત્યારની તસવીર











**સિટી ન્યૂઝ@મુંબઈ**

ફિલ્મ અને મ્યુઝિક ઈન્ડસ્ટ્રીમાં ઘણા એવા ચહેરાઓ આવ્યા છે, જેમણે માત્ર એક જ પ્રોજેક્ટથી રાતોરાત ખ્યાતિ મેળવી, પરંતુ સમય જતાં તે ગુમનામીમાં ખોવાઈ ગયા. આવી જ એક વાર્તા અભિનેત્રી રાજલક્ષ્મી ખાનવિલકરની છે, જેમણે પોતાના જીવનમાં ખ્યાતિ, પ્રેમ અને વિયોગના અનેક ઉતાર-ચઢાવનો અનુભવ કર્યો હતો. રાજલક્ષ્મીને ૯૦ના દાયકામાં પંકજ ઉધાસના પ્રખ્યાત ગીત ’ચુપકે ચુપકે સખિયો સે વો’ના મ્યુઝિક વીડિયોએ રાતોરાત સ્ટાર બનાવી દીધી. આ ગીતે લોકોના દિલમાં એક ખાસ જગ્યા બનાવી હતી અને તેની સાથે વીડિયોમાં દેખાયેલી રાજલક્ષ્મી ખાનવિલકર પણ એકાએક ચર્ચામાં




આવી ગઈ હતી. કરિયરની શરૂઆતમાં જ રાજલક્ષ્મી ખાનવિલકરે સમીર સોની સાથે લગ્ન કર્યા હતા. તેમની મુલાકાત એક જાહેરાત શૂટ દરમિયાન થઈ હતી, જ્યાંથી તેમની લવ સ્ટોરી શરૂ થઈ.

જોકે, આ સંબંધ લાંબો ટક્યો નહીં. લગ્નના માત્ર છ મહિનામાં જ રાજલક્ષ્મી અને સમીર સોની અલગ થઈ ગયા હતા. પ્રથમ લગ્ન તૂટ્યા પછી, રાજલક્ષ્મી ખાનવિલકરે વર્ષ ૨000માં અભિનેતા રાહુલ રોય સાથે લગ્ન કર્યા. આ સંબંધ પહેલા કરતાં વધુ સ્થિર રહ્યો અને બંને લગભગ ૧૪ વર્ષ સુધી સાથે રહ્યા. જોકે, સમય જતાં આ સંબંધમાં પણ તણાવ આવ્યો અને વર્ષ ૨૦૧૪માં બંનેએ પરસ્પર સંમતિથી અલગ થવાનો નિર્ણય કર્યો. બે નિષ્ફળ લગ્નો અને ફિલ્મી દુનિયાથી અંતર રાખ્યા પછી, રાજલક્ષ્મી ખાનવિલકરે સંપૂર્ણપણે પોતાના અંગત જીવનને પ્રાધાન્ય આપ્યું. આજે તે ક્યાં છે અને શું કરી રહી છે, તે વિશે કોઈની પાસે ચોક્કસ માહિતી નથી.

## ગુજરાતમાં મોસમનો મિજાજ બદલાયો

# આકાશે દેખાડ્યો ગુસ્સો તાપ, વરસાદ અને કરા પડ્યા




## » દાહોદ, અરવલ્લી અને મહિસાગરમાં ભારે પવન સાથે વરસાદ

## » ચોટીલા પંથકમાં પવન સાથે માવઠું: સાંજે બરફના કરા પડ્યા

**સિટી ન્યૂઝ@અમદાવાદ**

રાજ્યમાં કાળઝાળ ગરમીની વચ્ચે આજે વહેલી સવારથી વાતાવરણમાં ઓચિંતો પલટો જોવા મળ્યો છે. હવામાન વિભાગની આગાહીને પગલે ઉત્તર અને મધ્ય ગુજરાતના દાહોદ, અરવલ્લી અને મહીસાગર જિલ્લાઓમાં ભારે પવન અને ગાજવીજ સાથે કમોસમી વરસાદ ખાબક્યો હતો. મે મહિનાની કાળઝાળ ગરમી અને અસહ્ય ઉકળાટ બાદ પડેલા આ વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ જગતનો તાત ગણાતા ખેડૂતોમાં ભારે ચિંતાના વાદળો ઘેરાયા છે.અરવલ્લી જિલ્લાના મુખ્ય ચાર તાલુકાઓ માલપુર, મેઘરજ, શામળાજી અને મોડાસામાં વહેલી સવારથી જ મેઘરાજાએ એન્ટ્રી કરી હતી. યાત્રાધામ શામળાજી અને તેની આસપાસના વાશેરા કંપા, નાદિસણ તેમજ ઇસરી, રેલ્લાવાડા અને જીતપુર જેવા અંતરિયાળ વિસ્તારોમાં તેજ પવન સાથે વરસાદ પડ્યો હતો. માલપુર પંથકમાં પણ ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડતા માર્ગો પર પાણી ભરાયા હતા. આ અચાનક બદલાયેલા હવામાનથી લોકોને ગરમીમાં રાહત મળી છે, પરંતુ ઉનાળુ પાક જેવા કે મકાઈ, બાજરી અને પશુઓ માટેના ઘાસચારાને મોટા પાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ, દાહોદ જિલ્લામાં પણ લાંબા વિરામ બાદ મેઘરાજાની સવારી આવી પહોંચી હતી. વહેલી સવારથી જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો છવાયા હતા અને જોતજોતામાં ગાજવીજ સાથે વરસાદ તૂટી પડ્યો હતો. આથી તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં સ્થાનિકોએ ઉનાળાની ગરમીમાંથી થોડી શાંતિ અનુભવી હતી.



## રાજકોટમાં ગરમીનો પારો 40 ડિગ્રીને પાર

### કુદરતનો તાંડવઃ હરિયાણામાં 15 હજાર વૃક્ષો ધરાશાયી

# વાવાઝોડાનો કહેર યુપી-બિહારમાં 44ના મોત



**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

રાજસ્થાનના ઉત્તર-પશ્ચિમ ભાગમાં ચક્રવાત બનવાથી દેશના મોટા ભાગમાં હવામાન બદલાઈ ગયું છે. દક્ષિણ-પૂર્વ ઉત્તર પ્રદેશથી લઈને તમિલનાડુ સુધી વાદળોનો લાંબો ટ્રફ બનેલો છે, જેના કારણે ઉત્તર, મધ્ય અને દક્ષિણ ભારતમાં વરસાદની અસર છે.છેલ્લા ૨૪ કલાકમાં પણ બિહાર, હરિયાણા, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પૂર્વોત્તરના રાજ્યોમાં વાવાઝોડું અને ભારે વરસાદ થયો છે. યુપીમાં વાવાઝોડા-વરસાદના કારણે ૮ લોકોનાં મોત થયા છે. પીલીભીતમાં ઈંટ-ભઠ્ઠાની ૧૦૦ ફૂટ ઊંચી ચીમની ધરાશાયી થઈ ગઈ. ગાઝીપુરમાં કાચા મકાનની દીવાલ ધરાશાયી થઈ ગઈ. બિહારમાં સોમવારે ૨૨ જિલ્લાઓમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ થયો. વીજળી પડવાથી ૭ બાળકો સહિત ૨૩ લોકોનાં મોત થયા. ૨ મહિલાઓ દાઝી ગઈ. આજે ૧૮ જિલ્લાઓમાં ભારે વરસાદનું એલર્ટ છે.રાજસ્થાનમાં સોમવારે એક દિવસમાં તાપમાનમાં ૮C નો ઘટાડો થયો. જયપુર સહિત ઘણા શહેરોનું મહત્તમ તાપમાન ૩૫C થી ઓછું રહ્યું. રિયાણામાં ભારે વાવાઝોડાથી ૧૫ હજારથી વધુ વૃક્ષો ઉખડી ગયા. હિમાચલ પ્રદેશના સોલનનું તાપમાન સોમવારે ૪.૮C રહ્યું. આ મે મહિનાનું અત્યાર સુધીનું સૌથી ઓછું તાપમાન છે. આ પહેલા ૧૪ મે ૨૦૨૧ના રોજ ૯.૪C તાપમાન રહ્યું હતું. તાબોનું તાપમાન ૩.૫C અને કુકુમસૈરીનું ૪.૧C રહ્યું.મધ્યપ્રદેશમાં મે મહિનામાં આકરી ગરમીની જગ્યાએ વરસાદ અને વાવાઝોડા જેવી સ્થિતિ છે. સોમવારે ૧૫ જિલ્લામાં વરસાદ અને કરાનો પ્રભાવ રહ્યો. ઘણી જગ્યાએ ભારે પવન પણ ફૂંકાયો.

### ફરીવાર મિસાઈલ હૂમલાથી દૂબઈમાં હડકંપ

## દૂબઈમાં એરસ્પેસ બંધ થતા અમીષા પટેલ ફસાઈ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**



દુબઈમાં થયેલા નવા મિસાઈલ હુમલાઓની અસર અમીષા પટેલ પર પડી છે. ખરેખર, એક્ટ્રેસે તાજેતરમાં ન્યૂયોર્કથી મુંબઈ જવા રવાના થઈ હતી. તેમની ફ્લાઈટ દુબઈમાં ઉતરવાની હતી, પરંતુ અચાનક થયેલા હુમલાઓને કારણે ફ્લાઈટ ડાયવર્ટ કરવામાં આવી અને એક્ટ્રેસ મસ્કટમાં ફસાઈ ગઈ છે.અમીષા પટેલે ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી લખ્યું છે કે, હું ન્યૂયોર્કથી મુંબઈ પાછી એમિરેટ્સથી આવી રહી હતી. જેમ જ અમે દુબઈમાં ઉતરવાના હતા, યુએઈમાં તાજા મિસાઈલ હુમલાઓને કારણે એરસ્પેસ બંધ કરી દેવામાં આવ્યું. હવે અમને મસ્કટ ડાયવર્ટ કરી દેવામાં આવ્યા છે. અમે આગળની માહિતીની રાહ જોઈ રહ્યા છીએ. આ યુદ્ધ આખરે ક્યારે સમાપ્ત થશે.ઉપરાંત, અમીષા પટેલે એક પોસ્ટ પણ શેર કરી છે. તેમાં તેણે દુબઈ એરપોર્ટની તસવીર સાથે લખ્યું છે, દુબઈ એરપોર્ટ પર ઘણા કલાકો વીતી ગયા છે અને રાહ હજુ પણ ચાલુ છે.

## બંગાળમાં 9મે ઐતિહાસિક દિવસ

### નવી સરકારના શપથ, ટાગોરની 165મી જન્મ જયંતિ

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો સોમવારે જાહેર થયા. બંગાળના ઈતિહાસમાં પહેલીવાર ભાજપની સરકાર બનવા જઈ રહી છે. ભાજપના પ્રદેશ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યના જણાવ્યા અનુસાર, નવી સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૯ મેના રોજ યોજાશે.આ જ દિવસે રવિન્દ્રનાથ ટાગોરની ૧૬૫મી જયંતિ છે. બંગાળી કેલેન્ડર મુજબ, આ તારીખ ૨૫મી વૈશાખના રોજ આવે છે, જે સામાન્ય રીતે મે મહિનાના બીજા અઠવાડિયામાં આવે છે. શપથ ગ્રહણ સમારોહમાં કોણ હાજરી આપશે અને કોણ મુખ્યમંત્રી બનશે તેની વિગતો હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.
આ તરફ, તમિલનાડુના મુખ્યમંત્રી સ્ટાલિને રાજીનામું આપી દીધું છે. વિધાનસભા ચૂંટણીમાં તેમની પાર્ટી DMK ૫૯ બેઠકો પર સમેટાઈ ગઈ હતી.આ દરમિયાન, ભાજપના સુવેન્દુ અધિકારી આજે સાંજે નવા ચૂંટાયેલા ધારાસભ્યો સાથે દિલ્હી પહોંચશે, જ્યાં તેઓ પાર્ટીના સીનિયર નેતાઓ સાથે મુલાકાત કરશે.તમિલનાડુમાં સૌથી મોટો ઉલટફેર થયો, અહીં ૨ વર્ષ જૂની અભિનેતા વિજયની પાર્ટી ટીવીકે સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી છે. જોકે, ટીવીકે બહુમતીના આંકડાથી પાછળ છે. અહીં પુડુચેરીમાં એનડીએની જ સરકાર સત્તામાં રહેશે. ચેન્નઈ ખાતે ટીવીકેની ઓફિસ બહાર ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. જ્યારે, પાર્ટી થિરુપ્પાથુરથી ટીવીકેના ઉમેદવાર કે. શ્રીનિવાસ સેતુપતિએ ડીએમકેના ઉમેદવાર પેરિયાકરુપ્પનને એક મતથી હરાવ્યા છે.




## એક મતની કિંમત સમજો : લોકશાહીમાં તેની અસીમ કિંમત

# તમિલનાડુમાં માત્ર 1 મતથી ઉમેદવારે બાજી મારી


- ચૂંટણીનો શોકિંગ ક્લાઈમેક્સ એક જ મતથી નક્કી થયો વિજય
- વિજયની પાર્ટી TVKના ઉમેદવારો માત્ર 1 મતનો ફર્ક

**સિટી ન્યૂઝ@ચેન્નાઇ**

તમિલનાડુ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬માં અભિનેતામાંથી રાજકારણી બનેલા વિજયની પાર્ટી TVKએ ઇતિહાસમાં એક નવો રેકોર્ડ બનાવી દીધો છે. તેમણે સત્તાધારી DMK અને તેના મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિનને તેમના કોલાથુર મતવિસ્તારમાં ભારે હાર આપી અને સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરી આવી. આ દરમિયાન વિજયની પાર્ટી તમિલગા વેત્ત્રી કઝગમ (TVK)ના ઉમેદવાર સીનિવાસ સેતુપતિ આરએ માત્ર ૧ મતથી જીત મેળવી.

તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં AIADMK ત્રીજા સ્થાને રહ્યું. ૧૯૬૭માં રાજ્યમાં પહેલી બિન-કોંગ્રેસી સરકાર સત્તામાં આવ્યા પછી આ પહેલી વખત છે જ્યારે બે દ્રાવિડ પક્ષો સિવાય કોઈ અન્ય પાર્ટીએ ચૂંટણીમાં જીત મેળવી છે. આ જીત સાથે વિજય અને TVKના નામે અનેક સિદ્ધિઓ નોંધાઈ છે. પાર્ટીના સ્થાપક વિજય અલ્પસંખ્યક સમુદાય (ક્રિશ્ચિયન ધર્મ)માંથી રાજ્યની બાગડોર સંભાળનાર પહેલા વ્યક્તિ બનશે. વિજયે પેરંબૂર અને તિરુચિરાપલ્લી પૂર્વ બંને મતવિસ્તારોમાંથી જીત મેળવી છે. તેમની પાર્ટી ૨૩૪ સભ્યોની વિધાનસભામાં ૧૦૭ બેઠકો જીતીને સૌથી મોટી પાર્ટી બની છે.,DMK અધ્યક્ષ અને મુખ્યમંત્રી સ્ટાલિનને કોલાથુર મતવિસ્તારમાં ૮,૭૯૫ મતના અંતરથી હારનો સામનો કરવો પડ્યો. જેમ જ સ્પષ્ટ થયું કે TVK તેની પહેલી ચૂંટણીમાં ભારે જીત તરફ આગળ વધી રહી છે, પાર્ટીના કાર્યકરો અને સમર્થકો પનાયુર સ્થિત પાર્ટી ઓફિસ સામે ભેગા થયા અને મીઠાઈ વહેંચી. આ ઉપરાંત, વિજયની જીત અને સમાન વિચારધારા ધરાવતી પાર્ટીઓને સત્તામાં ભાગીદારી આપવાના વારંવારના વચનોથી રાજ્યના ઇતિહાસમાં એક નવો અધ્યાય ખુલવાની અપેક્ષા છે.

TVK સમર્થકોને આશા છે કે કોંગ્રેસ (૫), IUML (૨), ડાબેરી પાર્ટીઓ (૪), VCK (૨) અને PMK (૫) પણ સમર્થન આપશે અને સત્તામાં ભાગીદારી મેળવી શકે છે. આ તમામ પાર્ટીઓએ મળીને કુલ ૧૮ બેઠકો પર જીત મેળવી છે અથવા આગળ છે. TVKને સરકાર બનાવવા માટે ૧૧૮ બેઠકોની જરૂર છે. તમિલનાડુમાં પહેલી વખત એવું બનશે કે કોઈ પાર્ટી તેની સ્થાપનાના માત્ર બે વર્ષથી થોડા વધુ સમયમાં જ સત્તામાં આવશે.



# SBIને તેના ગ્રાહકોને સાવચેત કરવા માટે એડવાઈઝરી જાહેર કરી




# SBIનું એલર્ટઃ ખોટા મેસેજથી ઠગાઈ કરતા સ્કેમર્સથી સાવધાન

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

તાજેતરમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) એ એક ફિશિંગ સ્કેમ અંગે એલર્ટ જાહેર કર્યું છે. જેમાં સ્કેમર્સ ગ્રાહકોને ફેક મેસેજ મોકલીને ડરાવે છે કે આધાર અપડેટ ન થવા પર તેનું SBI YONO એકાઉન્ટ બ્લોક કરી દેવામાં આવશે. આવા મેસેજ લોકોમાં ગભરાટ પેદા કરે છે, જેનાથી તે વિચાર્યા વગર ઠગની વાત માની લે છે અને ફ્રોડનો શિકાર બની જાય છે. આ સ્કેમથી બચવા માટે SBI એ તેના એક્સ હેન્ડલ પર એડવાઈઝરી જાહેર કરી છે.

**‘સાયબર લિટરસી’ કોલમમાં આજે આપણે SBI YONO એપ સાથે જોડાયેલા આ સ્કેમને સમજીશું. સાથે જ જાણીશું કે**

- સ્કેમર SBI ગ્રાહકોને કેવી રીતે નિશાન બનાવી રહ્યા છે?
- આ સ્કેમથી બચવા માટે શું સાવચેતીઓ રાખવી?









## રાઘવ ચઢ્ઢાની ચેતવણી : 21 રાજ્યોની પોલીસ અમારી સાથે

# પંજાબમાં 'ખેલ'; ધારાસભ્યો દિલ્હીમાં

### મુખ્યમંત્રી ભગવંત માન 94 ધારાસભ્યોને લઈ રાષ્ટ્રપતિને મળવા દિલ્હી પહોંચ્યા

સિટી ન્યૂઝ@નવી દિલ્હી

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આમ આદમી પાર્ટી (AAP) ના તમામ ૯૪ ધારાસભ્યો સાથે ૩ વોલ્વો બસોમાં દિલ્હી પહોંચ્યા છે. તેઓ બપોરે ૧૨:૩૦ વાગ્યે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે. રાષ્ટ્રપતિ ભવનની અંદર માત્ર મુખ્યમંત્રી જશે, જ્યારે ધારાસભ્યો બહાર હાજર રહેશે. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય પાર્ટીના ૬ રાજ્યસભા સાંસદોના AAP છોડીને BJP માં જોડાવા અંગે ફરિયાદ કરી 'રાઈટ ટુ રિકોલ' કાયદાની માંગ કરવાનો છે.

બીજી તરફ, AAP છોડી ગયેલા રાઘવ ચઢ્ઢા અને સંદીપ પાઠકના નેતૃત્વમાં બળવાખોર સાંસદોએ પણ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી હતી. રાઘવ ચઢ્ઢાએ પંજાબ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, BJP માં જોડાયા બાદ AAP બદલાની ભાવનાથી કામ કરી રહી છે અને સરકારી મશીનરીનો દુરુપયોગ કરી રહી છે. સાંસદ સંદીપ પાઠકે પણ FIR થી ન ડરવાની વાત કરી હતી. દરમિયાન પંજાબ BJP પ્રમુખ સુનીલ જાખરે કટાક્ષ કર્યો હતો કે CM એ ધ્યાન રાખવું જોઈએ કે ધારાસભ્યોની બસ BJP કાર્યાલય તરફ ન વળી જાય.


ચંદીગઢથી રવાના થતા પહેલા ભગવંત માને રાષ્ટ્રપતિ



સાથેની મુલાકાત અંગે જણાવ્યું હતું કે, માત્ર ૫-૭ લોકો ભેગા થઈને પાર્ટીમાં ભાગલા પડ્યા હોવાનો દાવો ન કરી શકે, આ સંપૂર્ણ ગેરબંધારણીય છે. તેમણે આરોપ લગાવ્યો કે BJP પહેલા ED ના દરોડા પડાવે છે અને ૧૦ દિવસ પછી તે જ વ્યક્તિને Y સુરક્ષા આપે છે. કાયદો દેશના તમામ નાગરિકો માટે સમાન છે અને પક્ષ બદલવાથી કોઈ કાયદાથી ઉપર નથી બની જતું.

### પંજાબ કોઈ ટ્રક નથી, ધમકીઓથી ડરશે નહીં: ભગવંત માન

મુખ્યમંત્રીએ સ્પષ્ટ કર્યું કે પંજાબ કોઈ ટ્રક નથી કે જેને ચલાવવાનો વારો બીજા કોઈનો આવે. દેશે જ્યારે પણ સંકટનો સામનો કર્યો છે ત્યારે પંજાબ હંમેશા પડખે ઉભું રહ્યું છે. આજે BJP ને રોકવાની જવાબદારી પણ પંજાબ પર છે. કેન્દ્ર સરકાર પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે ક્યારેક BBMB, ક્યારેક ચંદીગઢ પર અધિકાર તો ક્યારેક RDF ફંડ રોકીને પંજાબને હેરાન કરવામાં આવે છે, પરંતુ પંજાબ આવી ધમકીઓથી ડરશે નહીં.



# યુપીમાં હાહાકાર : બેકાબુ કારે 8 લોકોને કચડી નાંખ્યા

સિટી ન્યૂઝ@ઉત્તર પ્રદેશ

ઉત્તર પ્રદેશના આંબેડકરનગરમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની છે. માર્ગ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને બચાવવા માટે એકઠા થયેલા સ્થાનિક લોકો પર એક બેકાબૂ કાર ફરી વળતા ૨ સગા ભાઈઓ સહિત કુલ ૮ લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા છે. આ ગોઝારી ઘટના બાદ પરિવારજનોમાં ભારે આક્રંદ છવાયો છે.

જિલ્લા મુખ્યાલયથી ૧૭ કિમી દૂર જલાલપુર કોતવાલી વિસ્તારમાં અકબરપુર માર્ગ પર અશરફપુર ભુવા ભઠ્ઠા પાસે મોડી રાત્રે લગભગ ૧૨ વાગ્યે બે મોટરસાયકલ વચ્ચે સામસામે ટક્કર થઈ હતી. આ ટક્કરમાં બુલેટ સવાર કૈફી (ઉ.વ. ૩૨) અને સ્પ્લેન્ડર પર જઈ રહેલા ૨ સગા ભાઈઓ આદિત્ય (ઉ.વ. ૨૫) તથા દિવ્યાંશુ (ઉ.વ. ૧૪) ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ બંને ભાઈઓ જલાલપુરમાં એક લગ્ન સમારોહમાંથી પરત ફરી રહ્યા હતા.અકસ્માત સર્જાતા અને ચીસાચીસ થતા આસપાસ હાજર ૫ લોકો તેમની મદદ માટે દોડી આવ્યા હતા. તેઓ ઘાયલોને ઉઠાવીને રસ્તાની બાજુમાં લઈ જઈ રહ્યા હતા, બરાબર તે જ સમયે પૂરપાટ ઝડપે આવેલી એક સ્વિફ્ટ ડિઝાયર કાર બેકાબૂ બની હતી અને ઘાયલો સહિત મદદ કરી રહેલા લોકોને કચડતી આગળ જઈને એક ખાડામાં પલટી ગઈ હતી. અકસ્માત બાદ કાર ચાલક અંધારાનો લાભ લઈ ફરાર થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં પોલીસે સ્થાનિકોની મદદથી તમામ ઘાયલોને સીએચસી જલાલપુર પહોંચાડ્યા હતા, જ્યાં ડોક્ટરોએ ૬ લોકોને મૃત જાહેર કર્યા હતા. અન્ય ૨ ઘાયલોને જિલ્લા હોસ્પિટલ અને બાદમાં ટાંડા મેડિકલ કોલેજ રિફર કરાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું પણ મોત થયું હતું.આ દુર્ઘટનામાં બાઈક સવારો અને મદદ કરવા આવેલા લાલચંદ્ર (ઉ.વ. ૨૪), ઉત્તમ કુમાર (ઉ.વ. ૨૪), રાજુ ગુપ્તા (ઉ.વ. ૩૨), સાહિલ (ઉ.વ. ૨૮) અને ઇન્દ્રેશ (ઉ.વ. 30) નો ભોગ લેવાયો છે. અપર પોલીસ અધિક્ષક ડો. તેજવીર સિંહે જણાવ્યું હતું કે તમામ ૮ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે અને ફરાર કાર ચાલકને પકડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મુંબઈ-દિલ્હી હાઈ-વે પર અકસ્માતઃ ત્રણના મોત

સિટી ન્યૂઝ@પંચમહાલ

કાલોલ નજીક ભાટપુરા પાસે મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ હાઈવે પર એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો છે. અજાણ્યા વાહને કારને ટક્કર મારતા મહીસાગર જિલ્લાના પંડ્યા પરિવારના પતિ, પત્ની અને ૧૭ વર્ષીય પુત્રનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે ૮ વર્ષીય પુત્રી ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, સુરતમાં કેટરિંગ વ્યવસાય સાથે સંકળાયેલો પંડ્યા પરિવાર પોતાના વતન મહીસાગર જિલ્લાના મુડાવડેખ ગામે જઈ રહ્યો હતો. કુટુંબી ભાઈનું મોત થતાં તેની તેરમાની વિધિ માટે પરિવાર કાર લઈને વતન જવા નીકળ્યો હતો. આ દરમિયાન કાલોલના ભાટપુરા પાસે તેમની કારને અકસ્માત નડ્યો હતો. અજાણ્યા વાહનની જોરદાર ટક્કરથી કારના આગળના ભાગનો ભૂક્કો બોલી ગયો હતો.

અકસ્માત સર્જાતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ૪ ઈજાગ્રસ્તોને ગોધરાની જનરલ



હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જનરલ હોસ્પિટલના મેડિકલ ઓફિસર ડૉ. પી. જી. રાઠોડે જણાવ્યું કે હોસ્પિટલ પહોંચતા પહેલા જ ૩ દર્દીઓના મોત થયા હતા. જ્યારે જૈનીસા પંડ્યા નામની ૮ વર્ષીય બાળકી હાલ સારવાર હેઠળ છે.

આ ગોઝારી દુર્ઘટનામાં હેમંતભાઈ પંડ્યા (ઉં.વ. ૪૪), કિંજલબેન પંડ્યા (ઉં.વ. ૪૨) અને આયુષ પંડ્યા (ઉં.વ. ૧૭) નું કરુણ મોત થયું છે. બનાવની જાણ થતાં કાલોલ પોલીસની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. પોલીસે ત્રણેય મૃતદેહોનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે. અકસ્માત કયા કારણોસર અને કેવી રીતે સર્જાયો તે દિશામાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# બ્રાઝિલમાં પ્લેન ક્રેશ : ઉડતું પ્લેન બિલ્ડિંગમાં ઘૂસ્યું : 3નાં મોત



**સિટી ન્યૂઝ@રિયો ડી જાનેરો**

બ્રાઝિલના શહેર બેલો હોરિઝોન્ટેમાં એક એવી ઘટના બની છે જેણે અમદાવાદ પ્લેન ક્રેશની ઘટનાની યાદ અપાવી દીધી છે. અહીં એક નાનું પ્લેન અચાનક એક રહેણાંક ઇમારત સાથે અથડાયું. થોડી જ પળોમાં બધું બદલાઈ ગયું - ધુમાડો, આગ અને ચીસોથી આખો વિસ્તાર ધણધણી ઉઠ્યો. આ અકસ્માતમાં ઓછામાં ઓછા ૩ લોકોના જીવ ગયા અને ઘણા ઘાયલ થયા. જો વિમાન થોડું પણ અલગ દિશામાં ગયું હોત, તો નુકસાન વધુ થઈ શક્યું હોત.

સોમવારે બ્રાઝિલના મોટા શહેર બેલો હોરિઝોન્ટેમાં એક નાનું વિમાન એક રહેણાંક ઇમારત સાથે અથડાયું. આ દુર્ઘટનામાં ત્રણ લોકોનાં મોત થયા અને અન્ય બે લોકો ઘાયલ થયા. એએફપીના અહેવાલ મુજબ, મિનાસ જેરાઇસ રાજ્યના ફાયર વિભાગે જણાવ્યું કે પાઇલટ અને કો-પાઇલટનું ઘટનાસ્થળે જ મોત થયું. વિમાનમાં હાજર અન્ય ત્રણ લોકોને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા.

સ્થાનિક હોસ્પિટલ ફાઉન્ડેશન અનુસાર ઘાયલોમાંથી એક વ્યક્તિનું બાદમાં મૃત્યુ થયું, જ્યારે બાકીના બે લોકો હોસ્પિટલમાં દાખલ છે અને તેમની હાલત સ્થિર છે. ફાયરફાઇટર્સે જણાવ્યું કે વિમાન સીધું ઇમારત સાથે અથડાયું, પરંતુ તેમ છતાં ઇમારતની અંદર હાજર કોઈ પણ વ્યક્તિને ઈજા થઈ નથી અને ઇમારત પડવાનું કોઈ "સ્પષ્ટ જોખમ" હાલ દેખાતું નથી. ટીવી ગ્લોબો ચેનલના હેલિકોપ્ટરે આ ઘટનાનો વીડિયો રેકોર્ડ કર્યો. તેમાં જોવા મળ્યું કે વિમાન ધીમે ધીમે નીચે આવી રહ્યું હતું, પછી ઊંચી ઇમારતોથી બચવા માટે ડાબી બાજુ વળ્યું અને અંતે ત્રણ માળની ઇમારત સાથે અથડાઈને પાર્કિંગમાં પડી ગયું.



# એટલાન્ટિક ક્રુઝમાં હંટાવાયરસની શંકા 3નાં મોત : જહાજ રોકાયું

## આફ્રિકાના કિનારે જહાજ રોકી દઈ યાત્રિકોને ઉતરવાની પરવાનગી નહીં

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

એટલાન્ટિક મહાસાગરમાં એક ક્રુઝ શિપ પર હંટાવાયરસ સંક્રમણનો શંકાસ્પદ કેસ સામે આવ્યો છે. તેમાં ત્રણ લોકોના મોત થયા છે અને ઓછામાં ઓછા ત્રણ લોકો બીમાર છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને દક્ષિણ આફ્રિકાના આરોગ્ય વિભાગે રવિવારે તેની પુષ્ટિ કરી. MV હોન્ડિયસ નામના આ ક્રુઝશિપને હાલમાં આફ્રિકી દેશ કેપ વર્ડેની રાજધાની પ્રાયામાં રોકવામાં આવ્યું છે. હાલમાં મુસાફરોને ઉતરવાની મંજૂરી મળી નથી. આ નિર્ણય એટલા માટે લેવામાં આવ્યો છે જેથી સંક્રમણ ફેલાવાના જોખમને નિયંત્રિત કરી શકાય. વિશ્વ આરોગ્ય સંસ્થા અનુસાર, જહાજ પર ૬ લોકોમાં સંક્રમણ જેવા લક્ષણો મળ્યા છે. તેમાંથી એક કેસની પુષ્ટિ લેબમાં થઈ ચૂકી છે. એક દર્દી દક્ષિણ આફ્રિકાની હોસ્પિટલમાં ICUમાં દાખલ છે, જ્યારે બેને જહાજમાંથી બહાર કાઢવાની તૈયારી કરવામાં આવી રહી છે.

### ટ્રમ્પે ઈરાનને સંપૂર્ણ પણ ખતમ કરવાની ધમકી આપી

# હોર્મુઝમાં તણાવ : અમેરિકાએ ઈરાનની 7 બોટ્સ ડૂબાડી

» UAEમાં 3 ભારતીયો ઘાયલ થવા પર ભારત લાલઘુમ

**સિટી ન્યૂઝ@તેહરાન**



પશ્ચિમ એશિયામાં ૧૮ દિવસના કામચલાઉ યુદ્ધવિરામ બાદ સ્થિતિ ફરી વિસ્ફોટક બની છે. હોર્મુઝની ખાડીમાં અમેરિકા અને ઈરાન સામસામે આવી ગયા છે. ઈરાનની મીડિયાએ સૈન્ય સૂત્રોના હવાલેથી દાવો કર્યો છે કે અમેરિકી સેનાએ માલસામાન લઈ જતી બે નાગરિક નૌકાઓને નિશાન બનાવી છે, જેમાં ૫ નાગરિકોના મોત થયા છે. જોકે, અમેરિકાએ આ દાવા પર મૌન સેવ્યું છે. યુનાઈટેડ આરબ અમીરાતે સત્તાવાર રીતે જણાવ્યું છે કે ઈરાનના ડ્રોને ફુજૈરાહ સ્થિત તેલ સુવિધા કેન્દ્રને નિશાન બનાવ્યું છે, જેના કારણે ભયાનક આગ લાગી હતી. આ કેન્દ્ર હોર્મુઝને બાયપાસ કરતું મહત્વનું પાઈપલાઈન હબ છે. બીજી તરફ, ઓમાનમાં પણ રહેણાંક ઇમારત પર હુમલાના સમાચાર છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે બહેરીને દેશમાં 'નેશનલ ઈમરજન્સી' જાહેર કરી દીધી છે.

UAEના ફુજૈરાહમાં ઓઈલ પોર્ટ પર થયેલા હુમલાને લઈને ભારતે નારાજગી વ્યક્ત કરી છે. સરકારે કહ્યું કે ત્રણ ભારતીયોનું ઘાયલ થવું ખોટું છે અને તેને સ્વીકારી શકાય નહીં.

ભારતે તમામ પક્ષોને તાત્કાલિક હિંસા બંધ કરવા અને સામાન્ય લોકોને નિશાન ન બનાવવા જણાવ્યું છે. ભારતે કહ્યું કે પરિસ્થિતિને સંભાળવાનો સાચો રસ્તો વાતચીત અને રાજદ્વારી છે, જેથી પશ્ચિમ એશિયામાં શાંતિ અને સ્થિરતા જળવાઈ રહે. ભારતે એમ પણ કહ્યું કે આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ હોર્મુઝ સ્ટ્રેટમાં જહાજોની અવરજવર અવરોધ વિના ચાલુ રહેવી જોઈએ. આ પહેલા UAEએ દાવો કર્યો હતો કે હુમલો ઈરાન તરફથી થયો હતો. તેઓએ ૧૨ બેલિસ્ટિક મિસાઈલ, ૩ ક્રુઝ મિસાઈલ અને ૪ ડ્રોનને રોકવામાં સફળતા મેળવી. જોકે ઈરાને UAE ના આ આરોપ પર કોઈ જવાબ આપ્યો નથી. PM મોદીએ પણ આ ઘટનાને લઈને પોસ્ટ કરી અને કહ્યું કે સામાન્ય લોકો અને જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નિશાન બનાવવું સ્વીકાર્ય નથી.



# કંગના-રાહુલ ગાંધીના લગ્નની અફવા



## કંગનાનો ગૂસ્સો સાતમા આસમાને : શરમ કરો

**સિટી ન્યૂઝ@મુંબઈ**

બોલિવૂડ એક્ટ્રેસ અને સાંસદ કંગના રનૌત પોતાના બેબાક અંદાજ માટે જાણીતી છે. તે સોશિયલ મીડિયા પર ટ્રોલ કરનારાઓને જડબાતોડ જવાબ આપવામાં ક્યારેય પાછી પાની કરતી નથી. હાલમાં જ એક મીમ પેજે તેના નામથી રાહુલ ગાંધીને લઈને એક અત્યંત વાંધાજનક અને નકલી પોસ્ટ શેર કરી, કંગનાએ માત્ર આ સમાચારનું ખંડન જ નથી કર્યું, પરંતુ રાજનીતિમાં મહિલાઓના સન્માનને લઈને પણ ગંભીર




સવાલો ઉઠાવ્યા છે. તેણે સ્પષ્ટ કરી દીધું છે કે તે આવી હલકી હરકતોને નજરઅંદાજ કરનારી વ્યક્તિ નથી.

**કંગનાનો ફૂટ્યો ગુસ્સો**

સોશિયલ મીડિયા પર આ દિવસોમાં રાઘવ ચઢ્ઢાના ભાજપમાં સામેલ થવાની ચર્ચાઓ વચ્ચે એક મીમ પેજે કંગના રનૌતની એક કથિત નકલી કમેન્ટ શેર કરી દીધી. આ પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો કે કંગનાએ કહ્યું છે, 'જો રાહુલ ગાંધી ભાજપમાં સામેલ થાય છે, તો હું તેમની સાથે લગ્ન કરવા તૈયાર છું.' જેવી આ પોસ્ટ કંગનાની નજરમાં આવી, તેણે તેને પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર રીશેયર કરતા જડબાતોડ જવાબ આપ્યો છે.



# જહાન્વી કપૂરના જામનગરમાં લગ્ન ?

**સિટી ન્યૂઝ@મુંબઈ**


બોલિવૂડ એક્ટ્રેસ જાહ્નવી કપૂર અને શિખર પહાડિયાના લગ્ન થવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. બંને આ વર્ષના અંતમાં લગ્ન કરવાના હોવાની અટકળો પર હવે જાહ્નવીના પિતા અને ફિલ્મમેકર બોની કપૂરે સ્પષ્ટતા કરી છે.

ખરેખરમાં, છેલ્લા કેટલાક દિવસોથી ઘણા અહેવાલોમાં દાવો કરવામાં આવી રહ્યો હતો કે, આ કપલ સપ્ટેમ્બર કે ઓક્ટોબર મહિનાની વચ્ચે ગુજરાતના જામનગરમાં એક પરંપરાગત સમારોહમાં લગ્ન કરી શકે છે. જ્યારે આ અટકળો વિશે બોની કપૂરને પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે ઈ-ટાઈમ્સ સાથેની વાતચીતમાં સીધા જ કહ્યું, "ના, આ સાચું નથી. શિખર પહાડિયા પરિવારની નજીકનો વ્યક્તિ શિખર અવારનવાર કપૂર પરિવારના ખાનગી કાર્યક્રમો અને રજાઓમાં જોવા મળે છે.



## ગર્લફ્રેન્ડના બર્થ-ડે પર ચૂંટણી જીત્યો

# વિજયની ગર્લફ્રેન્ડ બની લકી ચાર્મ



**સિટી ન્યૂઝ@મુંબઈ**

એક્ટર થલાપતિ વિજયે તમિલ રાજકારણમાં હીરોની જેમ એન્ટ્રી કરી છે. તેમની પાર્ટી TVK એ તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં ૧૧૦થી વધુ બેઠકો જીતી લીધી છે. હવે તેમનું સીએમ બનવું લગભગ નિશ્ચિત માનવામાં આવી રહ્યું છે. TVKની જીતમાં વિજયના લેડી લકને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. આજે તે જ 'લેડી લક' એક્ટ્રેસ તૃષા કૃષ્ણનનો જન્મદિવસ છે, જેમનું નામ વિજય સાથે જોડાતું રહ્યું છે. તૃષા તમિલનાડુ ચૂંટણીનું પરિણામ આવે તે પહેલાં તિરુમાલા મંદિર પહોંચી, દર્શન કર્યા અને પછી વિજયના ઘરે પહોંચી. આજે, તમિલનાડુ વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થઈ રહ્યા છે, ત્યારે તૃષા પોતાનો જન્મદિવસ ઉજવી રહી છે. સવારે સૌથી પહેલા, એક્ટ્રેસ તિરુમાલા મંદિરની મુલાકાત લીધી અને બપોર સુધીમાં, તે વિજયના ઘરે પહોંચી ગઈ. સાઉથ મીડિયા પોર્ટલના અહેવાલો દાવો કરે છે કે ચૂંટણી પરિણામોની જાહેરાત પછી બંને તેમના લગ્નની જાહેરાત કરી શકે છે. તૃષાએ આજે તિરુપતિ બાલાજી મંદિરમાં પૂજા કરી હતી. હવે તેની મંદિર તસવીરો સામે આવી છે.

**તૃષા કૃષ્ણન પહોંચી મંદીરે**

# અમરેલી

## ચૂંટણી એફિડેવિટમાં ખોટું જાહેર કર્યાનો આરોપ : ભાજપ સભ્ય સામે ફરિયાદ



» અરજદારે પુરાવા સાથે કલેક્ટર અને DDO ને રજૂઆત કરી સભ્યપદ રદ કરવા માંગ કરી

» સરકારી જમીન પરના દબાણની માહિતી છુપાવ્યાનો ગંભીર આરોપ

**સિટી ન્યૂઝ@અમરેલી**

અમરેલી જિલ્લાના ૨૮-શેલણા બેઠકના ભાજપના ચૂંટાયેલા જિલ્લા પંચાયત સભ્ય પ્રકાશભાઈ હિંમતભાઈ પાનસુરીયા મોટા વિવાદમાં સપડાયા છે. વાંશિયાળી ગામના અરજદાર વિનોદભાઈ દેવશીભાઈ બગડાએ જિલ્લા કલેક્ટર, નાયબ ચૂંટણી અધિકારી અને જિલ્લા વિકાસ અધિકારીને લેખિત રજૂઆત કરીને પ્રકાશભાઈનું સભ્યપદ તાત્કાલિક રદ કરવાની ઉગ્ર માંગ કરી છે.

અરજદારના જણાવ્યા અનુસાર, સાવરકુંડલા તાલુકાના વાંશિયાળી ગામે આવેલી સરકારી જમીન પર ભાજપના આ સભ્યએ ગેરકાયદેસર કબજો જમાવ્યો છે. આ બાબતે કરવામાં આવેલી અરજીમાં આક્ષેપો કરાયા છે કે વાંશિયાળી ગામના સર્વે નંબર ૨૬૫ પૈકી ૨ અને ખાતા નંબર ૯૭૧ વાળી જમીન જે સરકારી રેકોર્ડ પર છે, તેના પર સભ્ય દ્વારા બિનઅધિકૃત રીતે કબજો કરવામાં આવ્યો છે. સૌથી ગંભીર બાબત એ છે કે, પ્રકાશભાઈ પાનસુરીયાએ પોતાની ચૂંટણી સમયે રજૂ કરેલા એફિડેવિટ (સોગંદનામા) માં આ દબાણની વિગતો છુપાવી હોવાનો આરોપ છે, જે ચૂંટણી પંચના નિયમોનો સીધો ભંગ ગણાય છે.


આ ગંભીર બેદરકારી બદલ અરજદારે પ્રકાશભાઈ પાનસુરીયાને સભ્ય પદેથી ગેરલાયક ઠેરવી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગણી કરી છે. હવે જોવાનું એ રહે છે કે જિલ્લા વહીવટી તંત્ર અને ચૂંટણી અધિકારી આ પુરાવાઓના આધારે ભાજપના પંચાયત સભ્ય સામે શું પગલાં લે છે.

### પંચાયત અધિનિયમ 1993 મુજબ સભ્યપદ રદ થવાની શક્યતા

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ ૫૭ મુજબ, કોઈપણ સરકારી જમીન પર દબાણ કરનાર વ્યક્તિ પંચાયતના સભ્ય તરીકે ચાલુ રહેવા માટે ગેરલાયક ઠરે છે. અરજદાર વિનોદભાઈએ પોતાની ફરિયાદના મજબૂત આધાર તરીકે જમીનના ૭/૧૨ અને ૮-અ ના ઉતારા, દબાણ દર્શાવતા ફોટોગ્રાફ્સ અને સભ્યના ચૂંટણી સોગંદનામાની નકલ પણ પુરાવા રૂપે તંત્રને રજૂ કરી છે. જો આ પુરાવાઓ સાચા ઠરશે તો સભ્યપદ રદ થવાની પ્રબળ શક્યતા છે.

# અમદાવાદ

## કોંગ્રેસના કોર્પોરેટરનું LC નીકળ્યું ખોટું : પોલીસ ફરિયાદના આદેશ




**સિટી ન્યૂઝ@અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોંગ્રેસ માટે ૧ નવી મુશ્કેલી ઊભી થઈ છે. કુબેરનગર વોર્ડમાંથી વિજેતા બનેલા કોંગ્રેસના મહિલા કોર્પોરેટર કલ્પનાબેન નવલેકર દ્વારા ચૂંટણી સમયે રજૂ કરવામાં આવેલું સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ (LC) તપાસમાં બોગસ સાબિત થયું છે. આ ગંભીર ગેરરીતિ સામે આવતા જિલ્લા શિક્ષણ અધિકારી (DEO) દ્વારા તેમની સામે પોલીસ ફરિયાદ નોંધવાનો કડક આદેશ આપવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી ચિરાગ શાહ દ્વારા આ અંગે DEO માં સત્તાવાર ફરિયાદ કરવામાં આવી હતી. કલ્પનાબેને કૃષ્ણનગર શાળામાં અભ્યાસ કર્યો હોવાનું દર્શાવીને GR નંબર ૧૨૪૮ અને LC નંબર ૩૧૯૪ વાળું સર્ટિફિકેટ રજૂ કર્યું હતું. ફરિયાદના આધારે DEO દ્વારા કરવામાં આવેલી તપાસમાં ખૂલ્યું છે કે આ GR નંબર અને LC નંબર શાળાના રજિસ્ટરમાં અન્ય વ્યક્તિઓના નામે નોંધાયેલા છે. કલ્પનાબેન આ શાળામાં ભણ્યા હોવાના કોઈ જ પુરાવા મળ્યા નથી. કોઈએ ડુપ્લીકેટ LC બનાવી તેના પર ખોટી સહીઓ કરીને આ ગેરરીતિ આચરી છે.

આ મામલે ફરિયાદ મળતા જ DEO એક્શન મોડમાં આવી ગયા હતા. બોગસ દસ્તાવેજોનો ઉપયોગ થયો હોવાનું સ્પષ્ટ થતાં, DEO દ્વારા કૃષ્ણનગર શાળાના આચાર્યને કલ્પનાબેન નવલેકર સામે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં કાયદેસરની પોલીસ ફરિયાદ નોંધાવવા માટે કડક સૂચના આપવામાં આવી છે.

### બોગસ LC નો ઉપયોગ અન્ય ક્યાંય થયો છે કે કેમ તે પોલીસ તપાસશે

DEO રોહિત ચૌધરીએ જણાવ્યું કે, 'અમને ફરિયાદી ચિરાગ શાહ તરફથી ફરિયાદ મળી હતી જેમાં જણાવાયું હતું કે કલ્પનાબેને ૧૯૯૦ માં કૃષ્ણનગર વિદ્યાવિહાર (સહેજપુર ગોગા) થી શાળા છોડી છે. પ્રાથમિક તપાસ અને શાળા સંચાલકોના રિપોર્ટ આધારે આ LC સંપૂર્ણપણે ડુપ્લીકેટ સાબિત થયું છે. કલ્પનાબેન હાલમાં કોર્પોરેટર હોવાથી ઊંડાણપૂર્વક ચકાસણી કરી પોલીસ ફરિયાદનો આદેશ અપાયો છે. હવે પોલીસ તપાસમાં જ બહાર આવશે કે તેમણે આ બોગસ દસ્તાવેજનો ઉપયોગ માત્ર ચૂંટણી પૂરતો જ કર્યો છે કે અન્ય કોઈ સરકારી લાભ લેવા માટે પણ તેનો ઉપયોગ થયો છે.'

# રાજકોટમાં PGVCLના MDના નામે ₹.45.60 લાખની ઠગાઈ

## સાયબર ગઠીયાએ પ્રાઈવેટ નંબર હોવાનું કહીને RTGS થી રૂ.45,60,904 ટ્રાન્સફર કરી દિધા, બીજો મેસેજ રૂ.30.60 લાખનો આવતા ભાંડો ફૂટ્યો

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં સાયબર ગઠિયાઓએ પીજીવીસીએલ (PGVCL) ના એમડીના નામે ૧ મોટો ફ્રોડ કર્યો છે. સાયબર ગઠિયાઓએ રાજકોટ PGVCL ના જનરલ મેનેજર પાસેથી ૪૫.૬૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા છે. ત્યારબાદ ફરીથી ૩૦.૬૦ લાખનું પેમેન્ટ કરવાનો મેસેજ આવતા મેનેજરે ખરાઈ કરી હતી, જેમાં આ સમગ્ર કૌભાંડનો ભાંડો ફૂટ્યો હતો. સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે, જેમાં પૈસા પશ્ચિમ બંગાળના ૧ એકાઉન્ટમાં ગયા હોવાનું ખૂલ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, યુનિવર્સિટી વિસ્તારમાં રહેતા અને PGVCL ની




લક્ષ્મીનગર મેઈન બ્રાન્ચમાં જનરલ મેનેજર (ફાઈનાન્સ) તરીકે ૧૪ વર્ષથી ફરજ બજાવતા કિંતુકુમાર શશીકાંતભાઈ મલકાણ (ઉં.વ. ૫૪) એ આ અંગે ફરિયાદ નોંધાવી છે. તેમના મોબાઈલ પર બપોરે ૧ વાગ્યે ૧ અજાણ્યા નંબર (૯૭૦૮૫૬૧૪૫૨) પરથી મેસેજ આવ્યો હતો, જેમાં PGVCL ના MD કેતન જોષીનો પ્રોફાઈલ ફોટો રાખેલો હતો. મેસેજમાં મનીષા મંડલના બેંક એકાઉન્ટની વિગતો આપી તેમાં તાત્કાલિક ૪૫,૬૦,૯૦૪ રૂપિયાનું RTGS કરવા જણાવાયું હતું.

મેનેજરે આ મેસેજ સાચો માનીને જીમખાના SBI બેંક મારફતે ૪૫.૬૦ લાખ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરી દીધું હતું. ત્યારબાદ થોડીવારમાં જ વધુ ૧ મેસેજ આવ્યો, જેમાં ૩૦,૬૦,૮૦૧ રૂપિયાનું RTGS કરવા જણાવાયું હતું. આ મેસેજ આવતા મેનેજરને શંકા ગઈ હતી અને તેમણે સીધા MD કેતન જોષી સાથે વાત કરી ખરાઈ કરતા સાયબર ફ્રોડ થયાનું સ્પષ્ટ થયું હતું.

### પશ્ચિમ બંગાળના બેંક એકાઉન્ટમાં રકમ ટ્રાન્સફર થઈ

સાયબર ગઠિયાઓએ ૧ સુઆયોજિત કાવતરું ઘડીને આ મોટી છેતરપિંડી આચરી છે. સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા વોટ્સએપ નંબર અને બેંક એકાઉન્ટ ધારક સામે ગુનો નોંધ્યો છે. પ્રાથમિક તપાસમાં જનરલ મેનેજર દ્વારા ટ્રાન્સફર કરવામાં આવેલા ૪૫,૬૦,૯૦૪ રૂપિયા પશ્ચિમ બંગાળના ૧ બેંક એકાઉન્ટમાં જમા થયા હોવાનું ખૂલ્યું છે. સાયબર સેલ હવે આ દિશામાં વધુ સઘન તપાસ ચલાવી રહી છે.

# વાંકાનેરના વિઠ્ઠલપર ગામે 199ના લકી ડ્રોનું કૌભાંડ

### » આગામી ૧૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ વિઠ્ઠલપર ગામે મોટા ડ્રોનું આયોજન

### » પોલીસ અને વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે સ્થાનિકોમાં અનેક શંકા-કુશંકાઓ

સિટી ન્યૂઝ@વાંકાનેર

ગુજરાત રાજ્યમાં ઈનામી લકી ડ્રો પર કાયદાકીય પ્રતિબંધ હોવા છતાં, વાંકાનેર તાલુકામાં આવા ગેરકાયદેસર વ્યવહારો બેફામ રીતે ફૂલ્યા-ફાલ્યા છે. તાજેતરમાં આવો જ ૧ કિસ્સો વિઠ્ઠલપર ગામનો સામે આવ્યો છે, જ્યાં માત્ર ૧૯૯ રૂપિયામાં લાખો રૂપિયાના ઈનામો જીતવાની લોભામણી લાલચ આપીને સામાન્ય લોકોની મહેનતની કમાણી હડપવાનું વ્યવસ્થિત કૌભાંડ ચલાવવામાં આવી રહ્યું છે.

આશ્ચર્યની વાત તો એ છે કે, વાંકાનેર પંથકમાં અવારનવાર આવા ડ્રોનું ખુલ્લેઆમ આયોજન થાય છે, છતાં સ્થાનિક તંત્રના પેટનું પાણી હલતું નથી. આગામી ૧૧ એપ્રિલ ૨૦૨૬ ના રોજ વિઠ્ઠલપર ગામે આ મોટા ડ્રોનું આયોજન થનાર છે.




ત્યારે જનતામાં ૧ જ સવાલ ઉઠી રહ્યો છે કે, શું પોલીસ અને વહીવટી તંત્ર આ ગેરકાયદે પ્રવૃત્તિ પર લગામ લગાવશે કે પછી અગાઉની જેમ જ મૌન રહીને આયોજકોને 'આશીર્વાદ' આપતું રહેશે?

### તંત્રની મીઠી નજર હેઠળ મધ્યમવર્ગીય પરિવારોની લૂંટ

લોકોના લાખો રૂપિયા પાણીમાં જઈ રહ્યા હોવા છતાં તંત્રની આ નિષ્ક્રિયતા અનેક શંકા-કુશંકાઓ જન્માવી રહી છે. જો આ મામલે સમયસર કડક પગલાં લેવામાં નહીં આવે, તો લાલચમાં આવીને અનેક મધ્યમવર્ગીય પરિવારો પાયમાલ થઈ શકે છે. સ્થાનિકો માંગ કરી રહ્યા છે કે વહીવટી તંત્ર તાત્કાલિક ધોરણે આ ગેરકાયદે લકી ડ્રો પર પ્રતિબંધ મૂકે અને જનતાને છેતરતા આયોજકો સામે કડક કાનૂની કાર્યવાહી કરે.



# ગોંડલમાં ચોરી કરનાર સિકલીગર ગેંગના 2 આરોપી ઝડપાયા


સિટી ન્યૂઝ@ગોંડલ

ગોંડલના ગુંદાળા રોડ પર વ્રજ વાટિકા એપાર્ટમેન્ટમાં ૭ લાખની ચોરી અને ૨ બાઈક ચોરીનો ભેદ ઉકેલી રાજકોટ ગ્રામ્ય એલસીબીએ સિકલીગર ગેંગના ૨ રીઢા આરોપીઓને ઝડપી લીધા છે. પૂછપરછમાં ખૂલ્યું કે ગત ૨૭ તારીખે આરોપીઓ સુરતથી ઝાયલો કારમાં ગોંડલ આવ્યા હતા. હાઈવે પર કાર પાર્ક કરી ૨ બાઈક ચોર્યા અને તેના પર રેકી કરીને ટ્રાન્સપોર્ટરના ફ્લેટને નિશાન બનાવ્યો હતો. પોલીસે આરોપીઓ પાસેથી ૨ બાઈક, ૧ કાર, મોબાઈલ અને ૫૪૦૦ રોકડા મળી કુલ ૩,૦૫,૪૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે.એલસીબી ટીમે સીસીટીવી ફૂટેજના આધારે શંકાસ્પદ ઝાયલો કારની તપાસ કરતા નાનકસિંહ ટાંક (ઉં.વ. ૪૫, રહે. સુરત) અને જશબિરસિંગ ટાંક (ઉં.વ. ૨૫, રહે. વંથલી) ની ધરપકડ કરી છે. બંને રીઢા ગુનેગાર છે, જેમાં મુખ્ય આરોપી નાનકસિંહ સામે ૩૫ અને જશબિરસિંગ સામે ૧૫ ગુના અગાઉ નોંધાયેલા છે. હાલ વધુ કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે.

# ધારીના ધ ફન વિસ્ટેરિયા રિસોર્ટમાં તસ્કરો બેફામ

## અમદાવાદના સોની પરિવારને નિશાન બનાવ્યોઃ દીવાલ ટપી રૂમમાં પ્રવેશી તસ્કરો પલાયનઃ રૂપિયા 11.49 લાખની ચોરીઃ CCTV ફૂટેજના આધારે સઘન તપાસ

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા, રાજુલા**



અમરેલી જિલ્લાના ધારી-તુલસીશ્યામ રોડ પર આવેલા પ્રખ્યાત 'ધ ફન વિસ્ટેરિયા' રિસોર્ટમાં ચોરીની એક સનસનાટીભરી ઘટના સામે આવી છે. અહીં લગ્ન પ્રસંગ માણવા આવેલા મહેમાનોના રૂમમાંથી તસ્કરોએ આશરે ૧૧.૪૯ લાખ રૂપિયાના મુદ્દામાલની ઉઠાંતરી કરી છે. આ હાઇપ્રોફાઇલ રિસોર્ટમાં બનેલી ચોરીની ઘટનાને પગલે અન્ય પ્રવાસીઓ અને મહેમાનોમાં પણ સુરક્ષાને લઈને ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા અને સોનીકામ કરતા હરેશભાઈ મોહનભાઈ લુહાર પોતાના પરિવાર સાથે આ રિસોર્ટમાં રોકાયા હતા. મોડી રાત્રે અજાણ્યા તસ્કરોએ રિસોર્ટની પાછળની દીવાલ ટપીને અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તેઓએ કુશળતાપૂર્વક રૂમ નંબર ૪૦૫ ના પાછળના ભાગેથી કાચનો સ્લાઇડર દરવાજો ખોલ્યો હતો અને રૂમમાં પ્રવેશીને ચોરીને અંજામ આપ્યો હતો.રૂમમાં પ્રવેશેલા તસ્કરોએ હેન્ડબેગમાંથી કિંમતી સામાનની ચોરી કરી હતી. જેમાં સોનાનું મંગળસૂત્ર, સોનાની વીંટીઓ, સોનાની બુટ્ટીઓ, ૨ કાંડા ઘડિયાળ અને ૯૦૦૦ રૂપિયા રોકડા મળીને કુલ ૧૧.૪૯ લાખ રૂપિયાની મતાનો સમાવેશ થાય છે. રિસોર્ટ જેવા ખર્ચાળ અને સુરક્ષિત મનાતા સ્થળે થયેલી આ ચોરીએ રિસોર્ટ મેનેજમેન્ટની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે તસ્કરોનું પગેરું દબાવવા માટે ડોગ સ્ક્વોડની પણ મદદ લીધી છે. હાલમાં પોલીસ દ્વારા રિસોર્ટ અને તેની આસપાસના વિસ્તારના CCTV ફૂટેજ મેળવીને તેની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી રહી છે, જેથી ફરાર આરોપીઓને વહેલી તકે ઝડપી શકાય.

# વર્ષ 2010માં 3.50 લાખના લાંચ કેસમાં તત્કાલીન પી.આઈને 2 વર્ષની સખ્ત કેદ

## મોટામવાના સરપંચ મયુર શિંગાળાના ખૂન કેસમાં ફીટ ન કરવાના બદલામાં પી.આઈ સી.પી.ગોસાઈએ લાંચ માંગેલીઃ ચેમ્બરમાં જ દોઢ લાખનો બીજો હપ્તો સ્વીકારતા પકડાયા હતાઃ 10 હજારનો દંડ પણ કરાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના ચકચારી મોટા મવા ગામના સરપંચ મયુર શિંગાળા ખૂન કેસમાં આરોપીનું નામ ન ખોલાવવાના બદલામાં રૂ. ૩.૫૦ લાખની લાંચ માંગનાર તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર સી.પી. ગોસાઈને ખાસ અદાલતે બે વર્ષની સખત કેદની સજા ફટકારી છે. વર્ષ ૨૦૧૦ના આ લાંચ કેસમાં ૭૨ વર્ષીય નિવૃત્ત PIને કોર્ટે તકસીરવાન ઠેરવી જેલહવાલે કરવાનો હુકમ કર્યો છે.

ઘટનાની વિગત મુજબ, ૧૮ નવેમ્બર ૨૦૦૯ના રોજ મોટા મવા ગામના સરપંચ મયુર શિંગાળાની હત્યા થઈ હતી. આ કેસની તપાસ કરી રહેલા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના તત્કાલીન PI ચંદુલાલ પુજગર ગોસાઈએ રમેશ રાણા મકવાણાને બોલાવી, આ ખૂન કેસમાં તેનું નામ ફિટ ન કરવા માટે રૂ. ૧૫ લાખની માંગણી કરી હતી. અંતે રૂ. ૩.૫૦ લાખમાં સોદો નક્કી થયો હતો. જે પૈકી રૂ. ૨ લાખ રમેશભાઈએ અગાઉ આપી દીધા હતા અને બાકીના રૂ. ૧.૫૦ લાખ રાત સુધીમાં પહોંચાડવા PIએ દબાણ કર્યું હતું.લાંચ આપવા ન માંગતા રમેશભાઈએ એસીબીનો સંપર્ક કર્યો હતો. પી.આઈ ગોસાઈ પોતાની ચેમ્બરમાં જ રમેશભાઈ પાસેથી રૂ. દોઢ લાખનો બીજો હપ્તો સ્વીકારતા રંગેહાથ ઝડપાઈ ગયા હતા.



એસીબીના ટ્રેપિંગ ઓફિસર કે.બી. ઝાલાએ ટેબલ પરથી લાંચની રકમ કબજે કરી હતી. તપાસ દરમિયાન પી.આઈના ઘરેથી પણ રૂ. ૩.૩૧ લાખ રોકડા મળી આવ્યા હતા. કોર્ટે અવલોકન કર્યું હતું કે પી.આઈ સીપી ગોસાઈના હાથ પર ફિનોપથેલીન પાવડરની હાજરી વૈજ્ઞાનિક પુરાવો છે. કોઈ વ્યક્તિ પોલીસ સ્ટેશનમાં જઈ મુખ્ય અધિકારીને ખોટી રીતે ફસાવી ન શકે."આ કેસ સ્પેશિયલ જજ વી.એ. રાણાની કોર્ટમાં ચાલતા, સરકારી વકીલ એસ.કે. વોરાની દલીલોને ગ્રાહ્ય રાખવામાં આવી હતી. બચાવ પક્ષે આરોપીની ઉંમર જોતા દયાની અપીલ કરી હતી, પરંતુ કોર્ટે ભ્રષ્ટાચારના ગંભીર ગુનાને ધ્યાને લઈ ૭૨ વર્ષીય ગોસાઈને ૨ વર્ષની સખત કેદ અને રૂ. ૧૦,૦૦૦નો દંડ ફટકાર્યો છે. દંડ ન ભરે તો વધુ ૩ માસની સજાનો હુકમ કરાયો છે.

# વ્યાજખોરોનો ત્રાસઃ માતાની બીમારી માટે નાણાં લેનાર યુવાને રેસકોર્સમાં ઝેર પીધું

## ‘ભાઈ મને માફ કરજે, હું થાકી ગયો છું’ લખેલી બે પાનાની હૃદયદ્રાવક ચિટ્ઠી મળી : આઠ વ્યાજખોરો સામે ગુનો નોંધાશે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરમાં વ્યાજખોરીનો રાક્ષસ વધુ એક પરિવારને ભરખી રહ્યો હોય તેવી ઘટના સામે આવી છે. રેલનગર વિસ્તારમાં રહેતા ૪૦ વર્ષીય વાળંદ યુવાન કશ્યપભાઈ રમેશભાઈ લખતરીયાએ વ્યાજખોરોના અસહ્ય ત્રાસથી કંટાળીને ગત રાત્રે રેસકોર્ષ રીંગ રોડ પર ગેલેક્સી સિનેમા સામે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ આ યુવાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ગંભીર હાલતમાં સારવાર હેઠળ છે.

ઘટનાસ્થળેથી પોલીસને બે પાનાની સુસાઈડ નોટ મળી આવી છે, જેમાં યુવાને પોતાની વ્યથા ઠાલવી છે. તેણે લખ્યું છે કે, "ભાઈ હું તને આજ સુધી કહી ન શક્યો, અમુક વ્યક્તિઓ મને હેરાન કરે છે. બધાના પૈસા પુરા કરવામાં હવે હું પહોંચી શકતો નથી અને થાકી ગયો છું. તું મમ્મીનું ધ્યાન રાખજે". મારી પાસેથી વ્યાજખોરોએ વાહનો અને મોબાઈલ પણ પડાવી લીધા છે.

ચિઠ્ઠીમાં આક્ષેપ કરાયો કે કે માતાની સારવાર માટે લીધેલા નાણાંના બદલામાં યુવાનનું એક્ટિવા અને બાઈક પડાવી લીધા છે.તેમનો મોબાઈલ ફોન પણ લઈ લેવામાં આવ્યો છે. રોજ પ્રેશર કરીને વીકલી અને ડેઈલી ડાયરીના પૈસા ઉઘરાવવામાં આવતા હતા. હવે વ્યાજખોરો દુકાનનો સામાન ભરી જવાની અને દુકાનને તાળા મારી દેવાની ધમકી આપી રહ્યા હતા. પૃથ્વી, દેવેન્દ્ર, દિગ્વિજય, ધર્મેશ, અક્ષય, મનોજ અને પ્રકાશ જેવા નામનો ઉલ્લેખ છે. યુવાને જણાવ્યું છે કે તેના ડોક્યુમેન્ટ પર ત્રણ જગ્યાએ ડાયરી કરાવી છેતરપિંડી કરવામાં આવી છે. સતત પ્રેશરના કારણે તે પોતાની ’ધ બાર્બર શોપ’ નામની હેર કટીંગની દુકાન પર પણ સમય આપી શકતા નહોતા.પોલીસે આ મામલે ચિઠ્ઠીના આધારે વ્યાજખોરો વિરુદ્ધ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.



## ધો.12નાં પરિણામમાં જૂનાગઢ સ્થિત આલ્ફા સંકુલનું ઉત્કૃષ્ટ પ્રદર્શન

# શિક્ષણમાં આલ્ફા વિદ્યા સંકુલ ‘ધુરંધર’

## ગૌરવપૂર્ણ સિદ્ધિઃ 14 વિદ્યાર્થીઓએ A-1 ગ્રેડ મેળવ્યો

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

ગુજરાત રાજ્યના ધોરણ ૧૨ના પરિણામમાં જુનાગઢ સ્થિત આલ્ફા વિદ્યા સંકુલના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. સંસ્થાના વિદ્યાર્થી વાણવી ધર્મેન્દ્રએ બોર્ડમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે, જયારે વાળા જતીને રાજ્યમાં છઠ્ઠો ક્રમાંક પ્રાપ્ત કર્યો છે.મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા સામાન્ય પરિવારમાંથી આવતા ધર્મેન્દ્રની ડોક્ટર બનવાની દ્રઢ ઈચ્છા છે. આ સિદ્ધિ દ્વારા તેણે પોતાના પરિવાર અને સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

સંસ્થાની સર્વશ્રેષ્ઠ શિક્ષક ટીમ, પરિણામલક્ષી અભિગમ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટેના અથાગ પરિશ્રમથી આલ્ફા વિદ્યા સંકુલ જુનાગઢે ફરી એકવાર સાબિત કર્યું છે કે સૌરાષ્ટ્રના શિક્ષણ જગતમાં તેનું નામ મોખરે છે. છેલ્લા એક દાયકાથી કાર્યરત આ સંસ્થા ગ્રામ્ય વિદ્યાર્થીઓના ઉત્કર્ષ અને કારકિર્દી નિર્માણ માટે જાણીતી છે.

આ વર્ષના ધોરણ ૧૨ના પરિણામમાં કુલ ૧૪ વિદ્યાર્થીઓએ A-૧ ગ્રેડ મેળવ્યો છે, જયારે ૫૬ વિદ્યાર્થીઓએ A-૨ ગ્રેડ પ્રાપ્ત કરીને સંસ્થા અને પોતાના પરિવારનું ગૌરવ વધાર્યું છે. પાછલા વર્ષોમાં પણ સંસ્થાએ સૌરાષ્ટ્રના ગ્રામ્ય પંથકમાંથી સૌથી વધુ વિદ્યાર્થીઓને MBBS અને એન્જિનિયરિંગમાં પ્રવેશ અપાવ્યો છે.

સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર હાર્દિકભાઈ સોનીએ જણાવ્યું હતું કે, આલ્ફા વિદ્યા સંકુલ  જુનાગઢ બોર્ડ, GUJCET તેમજ JEE અને NEET જેવી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓમાં શ્રેષ્ઠ પરિણામો અપાવવા માટે જાણીતું છે. તેમણે ઉમેર્યું કે, આજે જાહેર થયેલું પરિણામ વિદ્યાર્થીઓના અથાગ પરિશ્રમ, આલ્ફાની પરિણામલક્ષી શિક્ષણ પદ્ધતિ અને હજારો વાલીઓએ તેમના પર મૂકેલા વિશ્વાસનું ફળ છે.

સંસ્થાના ટ્રસ્ટી પ્રતીકભાઈ પટેલે જણાવ્યું કે, આ પરિણામ વિદ્યાર્થીઓની અથાગ મહેનતનું પરિણામ છે. તેમણે ઉમેર્યું કે, JEE, NEET, ગુજકેટ કે ગુજરાત બોર્ડમાં આવા જ પરિણામો આપવા માટે તેમની ટીમ કટિબદ્ધ છે. સંસ્થાના ટ્રસ્ટીઓ, સંચાલકો અને શિક્ષકગણે સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં પણ આવા જ ઉત્કૃષ્ટ પરિણામો મેળવવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## રાજયમાં જતીન વાળા છઠ્ઠા ક્રમે રહ્યો



સમાજ માટે ચેતવણી
હદ પાર કરતો ગુનો

# 4 વર્ષની બાળા સાથે 12 વર્ષના કિશોરનું દુષ્કર્મ



## પાડોશમાં રમતી બાળાને ઉઠાવી ગયો હતો બાળકીની તબિયત લથડતા જાણ થઈ

**સિટી ન્યૂઝ@પોરબંદર**

પોરબંદર શરમમાં ડૂબ્યું

પોરબંદરના ઉદ્યોગનગર વિસ્તારમાં માનવતાને શરમાવે તેવી એક ઘટના સામે આવી છે. અહીં પાડોશમાં રહેતા એક ૧૨ વર્ષના કિશોરે ૪ વર્ષની માસૂમ બાળા પર દુષ્કર્મ આચર્યું હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી ફેલાઈ ગઈ છે. આ શરમજનક કિસ્સો ઉદ્યોગનગર પોલીસ મથકની હદમાં આવતા એક રહેણાંક વિસ્તારમાં બન્યો હતો. ભોગ બનનાર ૪ વર્ષની બાળકી તેના ઘર પાસે હતી, ત્યારે પાડોશમાં રહેલા ૧૨ વર્ષના કિશોરે તેને પોતાની હવસનો શિકાર બનાવી હતી. બાળકીની તબિયત લથડતા અને પરિવારને જાણ થતા આ મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને ઉદ્યોગનગર પોલીસે તાત્કાલિક ધોરણે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. બાળકીને તાત્કાલિક સારવાર અને મેડિકલ તપાસ માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે. આરોપી કિશોર વયનો હોવાથી પોલીસ દ્વારા 'જુવેનાઈલ જસ્ટિસ એક્ટ' મુજબ નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ કેસમાં તટસ્થ અને ઝડપી તપાસ કરવામાં આવી રહી છે. બાળકીના પરિવારને ન્યાય મળે તે દિશામાં તમામ પુરાવાઓ એકત્રિત કરવાની પ્રક્રિયા ચાલુ છે.

**રાજુલાની ઘટના**

# પ્રેમ પ્રકરણમાં લોહિયાળ વળાંક : માતાને કાર ચડાવી હત્યા કરી પુત્રનું અપહરણ

**સિટી ન્યૂઝ@ધર્મેશ મહેતા–રાજુલા**

અમરેલીના રાજુલા પંથકમાં પ્રેમ પ્રકરણમાં એક અત્યંત કરુણ ઘટના બની હતી. રાજુલા તાલુકાના નિંગાળા-૧ ગામ પાસે નેશનલ હાઈવે પર ફિલ્મી ઢબે યુવકનુ અપહરણ અને હત્યાની ઘટના પ્રકાશમાં આવી છે. પ્રેમ સંબંધને લઈને ખાર રાખીને યુવકનું નવ શખ્સોએ અપહરણ કર્યું હતું. અને આ દરમિયાન વચ્ચે પડેલા યુવકની નિર્દોષ માતા પર કાર ચડાવી દઈ તેમની ક્રૂર હત્યાને લઈ સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી હતી. પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરી ૩ મહિલા સહિત ૭ આરોપીઓને દબોચી લીધા છે. આ બનાવ અંગે રાજુલાના નિંગાળા-૧ ગામના ભાવેશ ભગવાનભાઈ ભીલ ઉ.વ.૨૫ દ્વારા યોગેશભાઇ બાબુભાઇ મકવાણા,રોહિત બટુકભાઈ મકવાણા, મહેશ ભાયાભાઇ સોલંકી, જ્યોતિબેન બાબુભાઈ મકવાણા, કાજલબેન બટુકભાઈ મકવાણા, જાનુબેન મકવાણા, હિતેશ બટુકભાઈ મકવાણા, બટુકભાઈ ડાયાભાઈ મકવાણા તથા હિતેશના કાકા કમલેશભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલ વિગતો મુજબ ભાવેશ ભીલને પોતાની પત્નીની માસીની દીકરી સાથે પ્રેમ સંબંધ હતો. આ સંબંધ યુવતીના પરિવારજનોને મંજૂર ન હતો. અને તે વાતનું યુવતીના પરિવારજનોને મનદુખ હતું. ગતરોજ કૈલાસ તેના ઘરેથી રાજુલા આવવાં માટે નિકળી હતી. ભાવેશ અને તેની માતા જીતુબેન ભીલ રાજુલા તરફ જઈ રહ્યા હતા ત્યારે નેશનલ હાઈવે પર પીપાવાવ પોર્ટ ચોકડી પાસે બાલક્રિષ્ના પેટ્રોલ પંપ પાસે શખ્સોએ ફોર વ્હીલર કારમાં આવી ભાવેશનું અપહરણ કર્યું હતું. પુત્રને બચાવવા વચ્ચે પડેલા ૫૦ વર્ષીય માતા જીતુબેન ભીલ પર શખ્સોએ કાર માથે ચડાવી દીધી હતી.

# પૌત્રની આઈફોન અને કારની જીદથી કંટાળીને દાદીએ ફિનાઈલ પી લીધું

## દાદીને બચાવવા જતાં પૌત્રએ પણ ફિનાઈલ પીધું : પિતા હયાત નથી, માતા સાથે રહેતી નથી, ત્રણેય ભાઈઓ દાદી સાથે જ રહે છે, છતાં ભાઈ સુધરતો નથી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

અત્યારના યુવાધન દ્વારા આઈફોન, કાર, બાઈક સહીતના ગેઝેટની માતા-પિતા અને પરિવાર પાસે સતત માંગણી કરી માનસિક ત્રાસ આપવામાં આવી રહ્યો છે. ત્યારે શહેરના ભગવતીપરામાં બેરોજગાર પૌત્ર આઈફોન અને કાર લેવા માટે દાદી પાસે પૈસા માંગ કરી હોવાથી કંટાળીને દાદીએ ફિનાઈલ પી લીધું હતું.આ બાદ પૌત્રએ પણ ફીનાઈલ પી લેતા દાદી અને પૌત્રને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પીટલમાં ખસેડવામાં આવ્યા હતા.

જાણવા મળ્યા મુજબ ભગવતીપરા સુખસાગર સોસાયટી-૩માં રહેતાં હંસાબેન શાકજીભાઈ વાડોદરા (ઉ.વ.૫૪) નામના મહિલાએ સાંજે ઘરે ફિનાઇલ પી લેતાં તેમના હાથમાંથી બોટલ ઝુંટવીને તેમનો પૌત્ર પિયુષ વિજયભાઈ વાડોદરા (ઉ.વ.૧૮) પણ થોડુ ફિનાઇલ પી જતાં અન્યો પૌત્ર રોહિતભાઈ વાડોદરાએ બંનેને સિવિલ હોસ્પિગટલમાં ખસેડતાં આ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસમાં નોંધ કરાવી હતી. જો કે સારવાર બાદ દાદી-પૌત્ર બંનેને રજા અપાઈ હતી.

પિયુષના મોટા ભાઈ રોહિતભાઈ વાડોદરાએ ટેલીફોનીક વાતચીતમાં કહ્યું હતું કે અમે ત્રણ ભાઈઓ છીએ. જેમાં પિયુષ સૌથી નાનો છે, તે હાલમાં કોઈ કામધંધો કરતો નથી. મારા પિતા હયાત નથી અને માતા પણ અમારી સાથે નથી. અમે ત્રણ ભાઈઓ અમારા દાદીમા હંસાબેન વાડોદરા સાથે રહીએ છીએ. મારા દાદીમાં સફાઈ કામદાર છે. પિયુષ અવાર-નવાર મારા દાદી પાસેથી પૈસા માંગી તેમને હેરાન કરે છે.

હવે તે કાર અને આઈફોન લેવા પૈસા માંગે છે અને ગઈકાલે રોકડા પાંચ હજારની માંગણી કરી હતી. આથી કંટાળીને મારા દાદીએ ફિનાઈલ પી લીધુ હતું. એ વખતે ભાઈ પિયુષ પણ બોટલ ઝુંટવીને થોડુ પી ગયો હતો. જો કે બંનેને સારવાર બાદ રજા અપાઈ હતી.

# મકાતી પરિવાર દ્વારા રાજકોટમાં ભાગવત સપ્તાહનું આયોજન

» 17 થી 23 મે દરમિયાન રાધિકા ફાર્મ ખાતે શાસ્ત્રી રાકેશભાઈ ભટ્ટ કથામૃતનું પાન કરાવશે

» દરરોજ બપોરે કથા અને રાત્રે નાટક, ડાયરો તથા રાસોત્સવ જેવા આકર્ષક કાર્યક્રમો યોજાશે

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટમાં નીતાબેન તથા ધર્મેશભાઈ કિશોરભાઈ મકાતી પરિવાર દ્વારા શ્રીમદ્ ભાગવત મહાપુરાણ સપ્તાહનું જાજરમાન આયોજન કરવામાં આવ્યું છે. આ ભક્તિમય કાર્યક્રમ ૧૭ થી ૨૩ મે ૨૦૨૬ દરમિયાન ન્યુ ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલા પરસાણા ચોક સ્થિત રાધિકા ફાર્મ ખાતે યોજાશે. દરરોજ બપોરે ૩ થી ૭ વાગ્યા દરમિયાન જાણીતા કથાકાર શાસ્ત્રી રાકેશભાઈ ભટ્ટ પોતાની અમૃતમય વાણીમાં શ્રોતાઓને ભગવાનના દિવ્ય પ્રસંગોનું રસપાન કરાવશે.

આયોજક ધર્મેશભાઈ મકાતીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આજના વ્યસ્ત જીવનમાં લોકો આધ્યાત્મિકતાથી દૂર જઈ રહ્યા છે, ત્યારે આવા ધાર્મિક કાર્યક્રમો લોકોને આત્મશાંતિ અને સકારાત્મકતા તરફ દોરી જાય છે. આ કથા જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટે પ્રેરણારૂપ બનશે. આ પ્રસંગે તેમણે આજકાલના એડિટર ઈન ચીફ ચંદ્રેશભાઈ જેઠાણીને રૂબરૂ આમંત્રણ પાઠવ્યું હતું.

ભાગવત સપ્તાહનો પ્રારંભ ૧૭ મેના રોજ (રવિવારે) બપોરે ૪ વાગ્યે સ્પીડવેલ ચોક સ્થિત શ્રીનાથધામ હવેલીથી નીકળનારી ભવ્ય પોથીયાત્રાથી થશે. જેમાં ભજન-કીર્તન અને હરિનામના ગુંજનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની જશે. કથા દરમિયાન દરરોજ બપોરે ૩ થી ૭ વાગ્યા સુધી વિવિધ ધાર્મિક પ્રસંગો ઉજવાશે અને રાત્રે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે.

## રોજિંદા પ્રસંગો અને રાત્રિ કાર્યક્રમોની વિસ્તૃત ઝલક

- ૧૮ મે (સોમવાર): બપોરે શુકદેવજી-પરીક્ષિત ચરિત્ર કથા રજૂ થશે, જેમાં જ્ઞાનના સંચારનો મહિમા સમજાવાશે. રાત્રે ૯ વાગ્યે શ્રોતાઓની હળવાશ માટે પ્રીત ગોસ્વામી પ્રસ્તુત પારિવારિક હાસ્ય નાટક 'ઉછીનો બાપ' ભજવાશે.
- ૧૯ મે (મંગળવાર): બપોરે નૃસિંહ પ્રાગટ્ય ચરિત્ર દ્વારા પ્રહલાદની અડગ ભક્તિ અને અહંકાર પર સત્યના વિજયની કથા રજૂ થશે. રાત્રે ૪૫ કલાકારોની મોટી ટીમ દ્વારા મર્યાદા પુરુષોત્તમ 'શીલવાન રામ' ની ભવ્ય પ્રસ્તુતિ કરાશે.
- ૨૦ મે (બુધવાર): બપોરે વામન-રામ-કૃષ્ણ જન્મોત્સવની નંદ મહોત્સવ સમાન ભવ્ય ઉજવણી થશે. રાત્રે જાણીતા લોકગાયક ઉમેશ બારોટના સથવારે યુવાનો અને ભાવિકો માટે કૃષ્ણ ભક્તિ રાસોત્સવ યોજાશે.
- ૨૧ મે (ગુરુવાર): બપોરે ગીરીરાજ ગોવર્ધન ઉત્સવ અન્વયે ભગવાનને છપ્પન ભોગના દર્શન અને પ્રકૃતિ પૂજાનો સંદેશ અપાશે. રાત્રે લોકસાહિત્યના દિગ્ગજ કલાકારો કીર્તીદાન ગઢવી, સાગરદાન ગઢવી અને જયદેવ ગોસાઈનો ભવ્ય ભજન-ડાયરો જામશે.
- ૨૨ મે (શુક્રવાર): બપોરે રુક્મણી વિવાહનો ઐતિહાસિક પ્રસંગ ઉજવાશે, જેમાં કોયલકંઠી ગાયિકા લલિતાબેન ઘોડાદ્રાના સ્વરમાં લગ્નગીતો ગવાશે. રાત્રે ૪૫ કલાકારોની વિશેષ ટીમ દ્વારા રાસલીલા અને મનમોહક વ્રજલીલા રજૂ કરાશે.
- ૨૩ મે (શનિવાર): બપોરે અંતિમ દિવસે સુદામા ચરિત્ર દ્વારા નિસ્વાર્થ ભક્તિ અને સાચી મિત્રતાના મહિમા સાથે આ ભવ્ય ભાગવત કથાની ભાવસભર પૂર્ણાહુતિ થશે.

# સરગમ ક્લબના ઈવનિંગ પોસ્ટમાં સંગીત સંધ્યા

» વડીલોના મનોરંજન માટે 4 થી 10 મે સુધી રોજ સાંજે 5:30 કલાકે કાર્યક્રમ

» સળંગ 7 દિવસ અલગ-અલગ 7 મ્યુઝિકલ ગ્રુપ દ્વારા પીરસવામાં આવશે સંગીત

સિટી ન્યૂઝ@રાજકોટ

શહેરમાં સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર એવી સરગમ ક્લબ સંચાલિત સિનિયર સિટીઝન પાર્ક 'ઈવનિંગ પોસ્ટ' દ્વારા વડીલોના મનોરંજન માટે ૧ અનોખું આયોજન કરવામાં આવ્યું છે. સિનિયર સિટીઝન્સ માટે આગામી ૪ મે ૨૦૨૬ થી ૧૦ મે ૨૦૨૬ સુધી સળંગ ૭ દિવસ માટે ભવ્ય સંગીત સંધ્યા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. રોજ સાંજે ૫:૩૦ કલાકે યોજાનાર આ કાર્યક્રમમાં અલગ-અલગ મ્યુઝિકલ ગ્રુપ દ્વારા સૂરની રમઝટ બોલાવવામાં આવશે.

આ ૭ દિવસીય સંગીત મહોત્સવની વિગતો આપતા જણાવાયું છે કે, ૪ મે (સોમવારે) 'સૂર સુંદર મ્યુઝિકલ ગ્રુપ', ૫ મે (મંગળવારે) 'સ્વરમ ગ્રુપ', ૬ મે (બુધવારે) 'એમ.ટી. મ્યુઝિકલ ગ્રુપ' અને ૭ મે (ગુરુવારે) 'ફ્રેન્ડ્સ મ્યુઝિકલ ગ્રુપ' પોતાની પ્રસ્તુતિ આપશે. જ્યારે ૮ મે (શુક્રવારે) 'કે.કે. મ્યુઝિકલ ગ્રુપ', ૯ મે (શનિવારે) 'દિલસુંદર કરાઓકે' અને ૧૦ મે (રવિવારે) 'સૂર રમઝટ' દ્વારા સંગીત પીરસવામાં આવશે.

સરગમ ક્લબ દ્વારા સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે કે, આ સંગીત સંધ્યામાં માત્ર સરગમ ક્લબના ઈવનિંગ પોસ્ટના સભ્યોને જ પ્રવેશ આપવામાં આવશે. કાર્યક્રમમાં આવનાર તમામ સભ્યોએ પોતાનું આઈકાર્ડ સાથે લાવવું ફરજિયાત છે, તેના વગર પ્રવેશ મળશે નહીં. તમામ મેમ્બરોને સમયસર હાજરી આપવા જણાવાયું છે. કાર્યક્રમને સફળ બનાવવા પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના માર્ગદર્શનમાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ-ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, અજયરાજ દવે, જયેશભાઈ ભટ્ટ, મુન્નાભાઈ ઠક્કર, નીલાબેન હિંડોચા, કૃષ્ણકાંતભાઈ ઉપાધ્યાય, દિલીપભાઈ સોની અને ચેતનભાઈ રાવલ ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# પશ્ચિમ બંગાળનો વિજય શ્યામાપ્રસાદ મુખરજીને સમર્પિત : ચેતન રામાણી

સિટી ન્યૂઝ@રાજકોટ



પશ્ચિમ બંગાળ, આસામ અને પોંડિચેરીમાં ભારતીય જનતા પાર્ટીના ભવ્ય વિજયને પ્રદેશ ભાજપ અગ્રણી અને ખેડૂત નેતા ચેતન રામાણીએ આવકાર્યો છે. આ ઐતિહાસિક સફળતા બદલ તેમણે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, રાષ્ટ્રીય પ્રમુખ નીતિન નબીન અને સક્ષમ નેતૃત્વ હેઠળની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

તેમણે જણાવ્યું હતું કે, બંગાળના પનોતા પુત્ર અને જનસંઘના સ્થાપક શ્યામાપ્રસાદ મુખરજીની ૭૨ મી પુણ્યતિથિ નિમિત્તે આ વિજય તેમને અર્પણ કરાયેલી સાચી શ્રદ્ધાંજલિ છે. મમતા બેનર્જીના ગઢમાં હવે જનતાની મમતા ભાજપ તરફ વળી છે. આ જીત લાંબા સમયથી ચાલતા ભ્રષ્ટાચાર, રાજકીય હિંસા અને તુષ્ટિકરણની રાજનીતિ વિરુદ્ધ લોકોના અસંતોષનું સીધું પ્રતિબિંબ છે.

૧૨ વર્ષમાં ૮ થી ૨૨ રાજ્યો સુધી સતત વિજયકૂચ કરતી NDA સરકારની સફળતા પાછળ પક્ષનું મજબૂત સંગઠન અને સકારાત્મક રાજકારણ છે. ભાજપે "સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ" ના સૂત્ર સાથે હંમેશા સેવા અને સુશાસનના માર્ગે કાર્ય કર્યું છે. કેન્દ્ર સરકારની ગરીબ અને મધ્યમવર્ગલક્ષી કલ્યાણકારી યોજનાઓથી લોકોમાં ભારે વિશ્વાસ વધ્યો છે. રસ્તા, ઉદ્યોગ, આરોગ્ય અને શિક્ષણ ક્ષેત્રે થયેલા સુધારાએ મતદાતાઓના નિર્ણયને પ્રભાવિત કર્યો છે.

આ વિજય પાછળ ભાજપની "ડબલ એન્જિન સરકાર" ની વિચારધારા અત્યંત અસરકારક સાબિત થઈ છે. અંતમાં રામાણીએ ઉમેર્યું હતું કે, આ પરિણામ માત્ર રાજકીય જીત નથી પરંતુ દેશના નાગરિકોની આશા, વિશ્વાસ અને વિકાસ પ્રત્યેની અડગ લાગણીનું પ્રતીક છે, જે યુવાનો માટે નવી તકોના દ્વાર ખોલશે.




# બેચરભા પરમારને શ્રદ્ધાંજલિ : રક્તદાન અને સંતવાણી સાથે સન્માન સમારોહ

## » સાંસદ પરસોતમ રૂપાલા અને ધારાસભ્યો સહિતના અગ્રણીઓએ અર્પી શ્રદ્ધાંજલિ

## » રક્તદાન કેમ્પમાં નવા ચૂંટાયેલા કોર્પોરેટરો અને પંચાયત સભ્યોનું સન્માન કરાયું











**સિટી ન્યૂઝ@રાજકોટ**

શ્રી ક્ષત્રિય રાજપૂત સમાજના અગ્રણી અને રામકૃપા ગ્રુપના ફાઉન્ડર સ્વ. બેચરભા પાંચાભા પરમારની ૫ મી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે ગત ૨ મે ૨૦૨૬ ના રોજ મહા રક્તદાન કેમ્પ અને સંતવાણી-રામધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. બેડીપરા રાજપૂત સમાજ વાડી ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં લોકોએ ઉપસ્થિત રહી સદગતને શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ ઉપરાંત, જે ચોકનું નામકરણ સ્વ. બેચરભા પરમાર ચોક કરવામાં આવ્યું છે તેને ૧ વર્ષ પૂર્ણ થતા સવારે ચોક ખાતે વિશેષ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

માનવ જીવન બચાવવાના ઉમદા હેતુથી યોજાયેલા આ રક્તદાન કેમ્પમાં યુવાનોએ ભારે ઉત્સાહ દાખવ્યો હતો અને કુલ ૧૧૨ બોટલ રક્ત એકત્રિત થયું હતું. આ પ્રસંગે સ્વામિનારાયણ સંતો, બ્રહ્માકુમારી રેખા દીદી, સાંસદ પરસોતમ રૂપાલા, શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, ધારાસભ્ય દર્શિતાબેન શાહ અને ભાનુબેન બાબરિયા સહિતના સામાજિક અને રાજકીય અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન તાજેતરમાં જ ચૂંટાયેલા નવા કોર્પોરેટરો તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યોનું સન્માન અને અભિવાદન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પ અને સંતવાણીમાં ઉપસ્થિત રહી સાથ-સહકાર આપનાર સર્વે મહેમાનો અને રક્તદાતાઓનો સ્વ. બેચરભા પરમાર પરિવાર (ચંદુભા, હરેશસિંહ, દર્શનસિંહ અને દક્ષરાજસિંહ પરમાર) દ્વારા હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો.








## નવનિયુક્ત કોર્પોરેટરે રક્તદાન કરી આપી શ્રદ્ધાંજલિ

સમાજ શ્રેષ્ઠીની પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલા આ સેવાકીય કાર્યક્રમમાં નવનિયુક્ત જનપ્રતિનિધિઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો. નવા ચૂંટાયેલા કોર્પોરેટર ધૈર્યભાઈ પારેખે માત્ર હાજરી ન આપતા, જાતે રક્તદાન કરીને સ્વ. બેચરભા પરમારને અનોખી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને યુવાનો માટે પ્રેરણારૂપ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# પોલીસવાળાએ ગોપાલને કહ્યું સાહેબ બોલાવે છે બીજા ચોરો મજા લેતા હતા કે હવે માર ખાવાનો છે



**પ્રશાંત દયાળ**

ગોપાલની જીંદગીનો આ પહેલો અનુભવ હતો, આ પહેલા તે ક્યારેય પોલીસ સ્ટેશનું પગથીયુ ચઢયો ન્હોતો, લોકઅપમાંથી એક વિચિત્ર પ્રકારની વાસ આવી રહી હતી અને તે અસ્હય હતી, પણ હવે તેને આ વાસની આદત નાખવા સિવાય કોઈ વિકલ્પ ન્હોતો. પણ તેની સાથે લોકઅપમાં રહેલા બે ચેઈન સ્નેચર્સ બીન્દાસ ગપ્પા મારી રહ્યા હતા, જાણે તેમને ઘર અને લોકઅપમાં કોઈ ફેર લાગતો જ ન્હોતો. બપોરે બે વાગે એક પોલીસવાળો ગોપાલને જમવાનું આપવા આવ્યો ત્યારે ગોપાલને પહેલા તો આશ્ચર્ય થયું, તેણે એક વખત પોલીસવાળા સામે અને બીજી વખત તેની સાથે રહેલા સેન્ચર્સ સામે જોયુ. સ્નેચર્સ ગોપાલની મજા લઈ રહ્યા હતા. એક જણો બોલ્યો હમણાં જમી લે પછી રાત્રે જમવામાં ડંડા મળવાના છે. આ સાંભળતા ગોપાલના શરીરમાંથી જાણે વીજળી પસાર થઈ હોય તેવો કરંટ લાગ્યો. પોલીસવાળો જમવાનું મુકી લોકઅપ બંધ કરી જતો રહ્યો. ઘણી વાર સુધી ગોપાલ એમ જ બેસી રહ્યો પછી તેણે પ્લાસ્ટીકની થેલીમાં રહેલુ જમવાનું ખોલ્યુ એક છાપાના ટુકડામાં પુરીઓ બાંધેલી હતી અને બીજામાં શાક હતું શાક માટે એક પડીયુ પણ હતું. ગોપાલે સંકોચ સાથે જમવાનું શરૂ કર્યું. જેવો પહેલો કોળીયો મોંઢામાં મુકયો તેની સાથે ગોપાલને મમ્મી અને નીશીની યાદ આવી ગઈ, આમ તો રોજ બપોરે ગોપાલ દોઢ વાગ્યા સુધી ઘરે પહોંચતો હતો, પણ આજે બપોરના બે વાગી રહ્યા હતા. કદાચ નીશી કયારે આવે છે તેવુ પુછવા ફોન પણ કર્યો હશે, પણ પોલીસે ગોપાલને લોકઅપમાં મુકતા પહેલા પાકીટ અને મોબાઈલ ફોન લઈ લીધો હતો.

ફોન સ્વીચ ઓફ આવતો હશે તો નીશી ચિંતા પણ કરતી હશે, તેવો પણ ખ્યાલ આવ્યો, પણ ગોપાલને અડ્ડા ઉપર માર ખાધા પછી ભુખ પણ લાગી હતી. તેણે બધા વિચારોને બાજુ ઉપર હડસેલી જમવાનું શરૂ કર્યું, જો કે ચાર પુરી અને બટાકાનું રસાવાળું શાક જમતા વાર લાગી નહીં, હજી પણ ભુખ હતી પણ કહેવું કોને. ઘરે હોત તો આવુ પાણીવાળુ શાક જોઈ ગોપાલ નીશી ઉપર ભડકયો હોત, પણ અહિયા કોની ઉપર ગુસ્સો કરવો.

ગોપાલને આશ્ચર્ય થઈ રહ્યું હતું કે તેને પોલીસ સ્ટેશન લાવી લોકઅપમાં મુકયો પછી કોઈ પોલીસવાળા કે સાહેબ તેને કઈ જ પુછવા આવતા નથી. પોલીસ સ્ટેશનના માહોલને તે લોકઅપમાં બેસી જોઈ અને અનુભવી રહ્યો હતો. કેટલાક પોલીસવાળા જેને આવે તેને ગાળ બોલી વાત કરતા હતા, પણ કેટલાંક ભલા પોલીસવાળા પણ હતા. એક પોલીસવાળો મસાલો મસળી રહ્યો હતો. ગોપાલ તેની સામે જોઈ રહ્યો હતો, લોકઅપમાં મુકયાને ચાર પાંચ કલાક થઈ ગયા હતા, ગોપાલને તંબાકુ ખાવાની આદત હતી, એટલે પોલીસવાળો મસાલો ઘસી રહ્યો હતો તેના પ્લાસ્ટીકનો અવાજ ગોપાલને બેચેન બનાવી રહ્યો હતો કારણ ગોપાલનું શરીર નિકોટીન માંગી રહ્યું હતું. ત્યાં અચાનક પેલા પોલીસવાળાનું ધ્યાન ગોપાલ તરફ ગયું, ગોપાલ અને પોલીસવાળાની નજર એક થઈ, પોલીસવાળો મસાલો ઘસી રહ્યો હતો, તેનો હાથ અટકી ગયો.

તેણે ગોપાલને મસાલા તરફ ઈશારો કરતા પુછયું તું ખાય છે, ગોપાલ ઝંખવાણો પડી ગયો, તેણે સંકોચ સાથે માથુ હલાવી ના પાડી પણ પોલીસવાળો જમાનો ખાધેલો હતો તે સમજી ગયો કે ગોપાલની નામાં હા છે. તેણે ફરી મસાલો ઘસતા કહ્યું ઉભો રહે તને પણ ખવડાવીશ, પાંચ સાત મિનીટ મસાલો ઘસ્યા પછી અડધા ઉપરાંતનો મસાલો પોતાના ગલોફામાં દબાવ્યો અને બાકીનો મસાલો લોકઅપના સળીયામાંથી ગોપાલ તરફ ધર્યો, ગોપાલે મસાલો લીધો તે જ વખતે પોલીસવાળાએ ગોપાલને પુછયું શેમા આવ્યો છે. ગોપાલ ચુપ રહ્યો, તે જોઈ સ્નેચર્સ બોલ્યા, સાહેબ તેને જ ખબર નથી શેમાં આવ્યો છે રાત્રે તેને ખબર પડશે શેમાં આવ્યો છે. ગોપાલ પાછો ધ્રુજી ગયો, તેને સ્નેચર્સ ઉપર ગુસ્સો આવી રહ્યો હતો. કારણ તેઓ થોડી થોડીવારે ડરાવી રહ્યા હતા.

લોકઅપ બહાર રહેલા પોલીસવાળાએ ગોપાલ સામે જોયું અને પાછો તે નજીકમાં આવેલી બારી પાસે ગયો અને એક પીચકારી મારી પાછો આવ્યો, અને બોલ્યો સારા ઘરનો લાગે છે. જે હોય તે સાચુ કહી દેજે અને જામીન લઈ ઘરે જતો રહેજે. ગોપાલ શાંત રહ્યો પોલીસવાળાએ લોકઅપ પાસે ઉભા રહીને સામેના ટેબલ ઉપર બેઠેલા હેડ કોન્સટેબલને પુછયું આ છોકરો શેમાં આવ્યો છે. બપોરના બે વાગી ગયા હતા એટલે શીફ્ટ બદલાઈ ગઈ હતી, ગોપાલને પોલીસ સ્ટેશન લાવ્યા ત્યારે બીજા હેડ કોન્સટેબલ હતા, છતાં તેમણે જવાબ આપ્યો ડી સ્ટાફવાળા લઈ આવ્યા છે હજી ઉપલક રાખ્યો છે.

ગોપાલને ઉપલક શબ્દ બીજી વખત સાંભળવા મળ્યો તેને સમજાતુ ન્હોતુ ઉપલક એટલે શું... પણ હવે પુછવું કોને? અને પેલા બે ચોરંટાઓ સાથે વાત કરવાનો અર્થ જ ન્હોતો. જેમ જેમ સમય પસાર થઈ રહ્યો હતો તેમ તેમ ગોપાલ મુંઝાઈ રહ્યો હતો, બીજા કોઈને ભલે ખબર ન્હોતી કે ગોપાલનો ગુનો શું છે પણ ગોપાલને તો અંદાજ આવી ગયો હતો કે તેની રમત હવે પુરી થઈ ગઈ છે, પણ ગોપાલની મુંઝવણ એવી હતી કે તેને અંદાજ આવી રહ્યો ન્હોતો કે તેની રમત અંગે પોલીસને કેટલી ખબર છે, એટલે તેનું મન તેને પોલીસ પુછે ત્યારે કેવા જવાબ આપવા તેની તાલીમ આપી રહ્યું હતું. છતાં મનમાં એક જ ડર હતો કે પોલીસ ફટકારશે તો શું કરવુ કારણ મારની બહુ બીક લાગતી હતી. સ્કૂલમાં કયારેક ટીચરનો માર ખાધો હતો, બાકી કયારેય કોઈની સાથે મારા મારી સુધ્ધા કરી ન્હોતી અને પેલા ચોરંટાઓ તો માર પડશે જ તેવું કહી રહ્યા હતા. એક તરફ ડર લાગી રહ્યો હતો, બીજી તરફ ઘરનો વિચાર પણ આવી રહ્યો હતો. ગોપાલ દુકાને જવાનું કહી નિકળ્યો હતો, દુકાને ગયો પણ હતો પણ ત્યાંથી તે જુમ્મનના અડ્ડે પહોંચી ગયો હતો. ઘરે આ અંગે કોઈને હજી ખબર ન્હોતી એટલે પપ્પા અને નીશી દુકાન ઉપર પણ તપાસ કરવા ગયા હશે, પણ દુકાન તો બંધ જોઈ હશે એટલે તેમના હ્રદયની શું સ્થિતિ થઈ હશે તેનો વિચાર આવી રહ્યો હતો.

બપોર પછી એક પોલીસવાળો બાથરૂમ કરવા પોલીસ સ્ટેશનના બાથરૂમમાં લઈ ગયો હતો તે સિવાય તે લોકઅપની બહાર નીકળ્યો ન્હોતો. સાંજ થઈ અને બહાર અંધારૂ થયું અને એ એટલે ખબર પડી કે પોલીસ સ્ટેશન અંદરની લાઈટો ચાલુ થઈ હતી. જો કે લોકઅપમાં લાઈટ ન્હોતી, પણ પોલીસ સ્ટેશનની લાઈટનો પ્રકાશ લોકઅપમાં આવી રહ્યો હતો. સાંજ પાડતા મન વધુ બેચેન થયુ હતું હવે મારનો દુખાવો પણ વધ્યો હતો. જો કે હજી મારના દુખાવાનો વિચાર બાજુ ઉપર હતો પણ હવે શું થશે અને પોતાના અંગે મમ્મી પપ્પા અને નીશીને ખબર પડશે ત્યારે શું થશે તેનો જ વિચાર આવી રહ્યો હતો. જે પોલીસવાળાએ મસાલો ખવડાવ્યો હતો તે પોલીસવાળો જ આઠ વાગે આવ્યો તેના હાથમાં જમવાના ત્રણ પાસર્લ હતા, પોલીસ સ્ટેશનના પીવાના પાણીના કુલરમાંથી ભરેલા પાણીની ત્રણ બોટલ હતી, તેણે લોકઅપમાં રહેલા ત્રણેને જમવાનું અને પાણની બોટલ આપી કારણ હવે પાછી પોલીસની શીફ્ટ બદલાઈ રહી હતી. પેલા બે સ્નેચરો તો જમીને જાણે બાપના ઘરે હોય તેમ લોકઅપમાં લંબાવી સુઈ ગયા પણ ગોપાલને ઉંઘ સાથે દુશ્મની હોય તેમ તે જમ્યા પછી લોકઅપના સળીયા પાસે બેસી રહ્યો હતો. રાત થતાં હવે પોલીસ સ્ટેશન શાંત થઈ ગયું હતું. નાઈટ ડ્યૂટીમાં રહેલા પોલીસવાળા ગપ્પા મારી રહ્યા હતા. કેટલાંક પોલીસ સ્ટેશનના ટીવી ઉપર ફિલ્મ જોઈ રહ્યા હતા. રાતના અગીયાર વાગ્યા હશે, બપોરે ગોપાલને જે પોલીસવાળો જુમ્મનના અડ્ડા ઉપર લઈ આવ્યો હતો તે જ પોલીસવાળો આવ્યો તેણે લોકઅપનો દરવાજો ખોલતા ગોપાલને કહ્યું ચાલ ભાઈ હવે સાહેબ બોલાવે છે, આ વાકય સાંભળતા ગોપાલને ધ્રુજારી છુટી ગઈ કારણ હવે ખરી પરીક્ષાનો સમય આવી ગયો હતો.

(ક્રમશઃ)

# આસામ ચૂંટણીમાં રાજકોટના વિસ્તારક વૈભવ બોરીચાની મહેનત સફળ થઈ

## » ગુવાહાટીની ડિમોરિયા બેઠક પર NDAના ઉમેદવાર તપન દાસની ભવ્ય જીત

## » વિસ્તારક તરીકે ગયેલા રાજકોટના યુવા આગેવાને સંગઠન અને પ્રચારની જવાબદારી સંભાળી હતી



**સિટી ન્યૂઝ@રાજકોટ**

આસામ વિધાનસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી અને NDA ગઠબંધને શાનદાર પ્રદર્શન કર્યું છે. આ ઐતિહાસિક જીતમાં રાજકોટના કાર્યકરોનું પણ મહત્વનું યોગદાન રહ્યું છે. ભાજપની વિસ્તારક યોજના અંતર્ગત રાજકોટથી આસામ વિધાનસભાની ચૂંટણીમાં વિસ્તારક તરીકે મુકાયેલા વૈભવ બોરીચાની મહેનત સફળ થઈ છે અને તેમના દ્વારા સંચાલિત બેઠક પર NDA ના ઉમેદવારે ભવ્ય વિજય મેળવ્યો છે. વૈભવ બોરીચાને આસામના ગુવાહાટીની ડિમોરિયા વિધાનસભા બેઠકમાં સંગઠન મજબૂત કરવાની તથા ચૂંટણી પ્રચાર-પ્રસારની અત્યંત મહત્વની જવાબદારી સોંપવામાં આવી હતી. ડિમોરિયા (SC) અનામત બેઠક હતી અને તે NDA ના ગઠબંધન પક્ષ આસામ ગણ પરિષદના ફાળે ગઈ હતી. આ બેઠક પર આસામ ગણ પરિષદના ઉમેદવાર તપન દાસ ચૂંટણી લડી રહ્યા હતા. આ બેઠક પર વૈભવ બોરીચાએ ભાજપ અને આસામ ગણ પરિષદના કાર્યકર્તાઓ વચ્ચે સંકલન સાધીને તેમને કામે લગાડી પ્રચંડ પ્રચાર કર્યો હતો. ડિમોરિયા બેઠક જિતાડવા માટે વૈભવ બોરીચાએ ઓરિસ્સાના સાંસદ અને ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રા, રાષ્ટ્રીય ભાજપ મંત્રી અલ્કા ગુર્જર અને દિલ્હી OBC મોરચાના ઉપાધ્યક્ષ હિમાંશુ યાદવ સાથે ખભેખભો મિલાવીને કામગીરી કરી હતી. સૌના સહિયારા પ્રયાસો અને સચોટ રણનીતિના પરિણામે આ બેઠક પર NDA ના ઉમેદવાર તપન દાસની ૬૫૩૮૫ મતોના જંગી અંતરથી ભવ્ય જીત થઈ છે. રાજકોટના યુવા આગેવાનની આ સફળતાને લઈને સ્થાનિક કાર્યકરોમાં પણ આનંદ છવાયો છે.

## માર્કેટ અપડેટ્સ




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| ONEMI TECHNOLOGY SOLUTIONS | 30/4 | 5/5 | 162 - 171 | 87 | 14,877 |

| SME DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| VALUE ૩૬૦ COMMUNICATIONS | 4/5 | 6/5 | 95 - 98 | 2400 | 2,35,200 |
| RECODE STUDIOS | 5/5 | 7/5 | 150 - 158 | 1600 | 2,52,800 |
| SIMCA ADVERTISING | 8/5 | 12/5 | 174 - 183 | 1200 | 2,19,600 |

### આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- પેટ્રોનેટ એલએનજી લિમિટેડે ૪ મે, ૨૦૨૬ ના રોજ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) ના મજબૂત પરિણામો જાહેર કર્યા છે. ચોખ્ખો નફો ૧,૩૩૭.૫૯ કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરની સરખામણીમાં ૨૫.૨% નો વધારો દર્શાવે છે. કામગીરીમાંથી આવક ૯,૪૪૨.૦૯ કરોડ, જે વાર્ષિક ધોરણે ૨૨.૯% નો ઘટાડો સૂચવે છે. કંપનીના માર્જિનમાં મોટો સુધારો જોવા મળ્યો છે, જે વધીને ૧૯.૭% થયા છે. સમગ્ર નાણાકીય વર્ષ કુલ ચોખ્ખો નફોઃ ૩,૮૦૯.૪૧ કરોડ. કુલ આવકઃ ૪૩,૪૯૪.૯૧ કરોડ.
- એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ એ ૪ મે, ૨૦૨૬ ના રોજ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ક્વાર્ટર (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ (FY૨૬) ના ઓડિટેડ પરિણામો જાહેર કર્યા છે. ચોખ્ખો નફો (PAT): ૨૧૬.૭૩ કરોડ, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર (૧૮૭.૯૧ કરોડ) કરતા ૧૫.3% નો વધારો દર્શાવે છે. કામગીરીમાંથી આવક ૪,૭૩૫.૧૩ કરોડ, જે વાર્ષિક ધોરણે ૯.૨% વધી છે. EBITDA ૪૮૯ કરોડ નોંધાયો છે, જે ૧૪.૨% નો ઉછાળો સૂચવે છે. સમગ્ર નાણાકીય વર્ષ કુલ ચોખ્ખો નફો ૮૫૯.૯૨ કરોડ (નાણાકીય વર્ષ ૨૦૨૫ માં ૮૦૦.૫૦ કરોડ હતો).
- ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ એ ૩૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા ચોથા ત્રિમાસિક ગાળા (Q૪) અને સમગ્ર નાણાકીય વર્ષ પરિણામો જાહેર કર્યા છે. ચોખ્ખો નફો ચોથા ત્રિમાસિક ગાળામાં કંપનીનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૧૫૬% વધીને ૧,૨૯૦.૪૭ કરોડ થયો છે. (ગયા વર્ષે આ જ સમયગાળામાં ૫૦૪.૪૫ કરોડ હતો). કુલ આવક ૩૬.૯% વધીને ૧૨,૩૧૦.૩૭ કરોડ થઈ છે. EBITDA ૧,૯૯૬.૨૩ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષ કરતા ૧૦૩% વધુ છે. વાર્ષિક નફો ૨૦૦% ના ઉછાળા સાથે ૧,૬૦૦.૨૬ કરોડ રહ્યો છે. કુલ વાર્ષિક આવક ૩૪,૬૨૮.૫૭ કરોડ નોંધાઈ છે. ઓર્ડર બુક પાવર અને ઇન્ડસ્ટ્રી ક્ષેત્રે મજબૂત માંગને કારણે કંપનીની ઓર્ડર બુક ૨ ટ્રિલિયન (૨ લાખ કરોડ) ને પાર કરી ગઈ છે.
- હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ.ની બોર્ડ મીટિંગ ૮ મે, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને વર્ષ માટે ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા અને અંતિમ ડિવિડંડની ભલામણ કરાશે.
- હિન્દુસ્તાન એરોનેટિક્સ લિ.ની બોર્ડ મીટિંગ ૧૪ મે, ૨૦૨૬ ના રોજ મળશે જેમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા અને વર્ષ માટે ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરાશે.
- એચએફસીએલ લિ.ને ડોમેસ્ટિક ટેલિકોમ સર્વીસ પ્રોવાઈડર પાસેથી રૂ.૮૪.૨૩ કરોડનો ઓર્ડર મળ્યો છે.
- એલઆઈસી હાઉસિંગ ફાઈનાન્સ લિ.ની ૧૩ મે, ૨૦૨૬ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૧ માર્ચ, ૨૦૨૬ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અને વર્ષના ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવા અને ડિવિડંડની ભલામણ કરવામાં આવશે.
- અશોક લેલેન્ડ લિ. એ જણાવ્યું છે કે કંપનીએ એપ્રિલ, ૨૦૨૬માં કુલ ૧૪,૬૪૬ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે એપ્રિલ, ૨૦૨૫માં કુલ ૧૩,૪૨૧ વાહનોનું વેચાણ કર્યું હતું, જે ૯ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.
- બજાજ ઓટો લિ.એ જણાવ્યું છે કે કંપનીએ એપ્રિલ, ૨૦૨૬માં કુલ ૫,૧૩,૭૯૨ વાહનોનું વેચાણ કર્યું છે, જ્યારે એપ્રિલ, ૨૦૨૫માં કુલ ૩,૬૫,૮૧૦ વાહનોનું વેચાણ કર્યું હતું, જે ૪૦ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**